


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 130 | AD - 2024, Maha Sud - 04 | Tuesday, Dt.13-02-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**નીતિશ સરકારના પક્ષમાં ૧૨૯ વોટ મળ્યા, વિશ્વાસ મત ધ્વનિ મતથી પસાર**

# બિહારમાં ફ્લોર ટેસ્ટમાં નીતિશ કુમાર પાસ

## ફ્લોર ટેસ્ટમાં વિપક્ષનો દાવો ખોટો સાબિત થયો

(એ.આર.એલ),પટણા,તા.૧૨

બિહાર વિધાનસભામાં વિશ્વાત મત પસાર કરવામાં આવ્યો હતો. જેમાં એનડીએને ૧૨૯ વોટ મળ્યા હતા. આમ, ફરીથી બિહારમાં નીતિશ સરકાર બની રહેશે. જોકે, રાજદ અને કોંગ્રેસ વિશ્વાસ મત હાંસલ કરી શકયા નથી જ્યાં નીતિશ કુમારની આગેવાની હેઠળની નવી સરકારે સત્તા પ્રાપ્ત કર્યાના ૧૫ દિવસ બાદ આજે એટલે કે સોમવારે ગૃહમાં વિશ્વાસ મત જીતી લીધો છે. બિહાર વિધાનસભામાં પહેલા વિશ્વાસ મતને લઈને ચર્ચા થઈ, પછી વિશ્વાસ મતને ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યો અને તે પછી મતદાન થયું હતું. આ દરમિયાન વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. વોટિંગમાં નીતિશ સરકારના પક્ષમાં ૧૨૯ વોટ મળ્યા જ્યારે વિરોધમાં ૦ વોટ મળ્યા હતા. નીતિશ સરકારે ગૃહમાં વિશ્વાસ મત જીતતાની સાથે જ બિહારમાં છેલ્લા ૧૫ દિવસથી ચાલી રહેલી રાજકીય રમત અને અટકળોનો એક રીતે અંત આવ્યો હતો. વાસ્તવમાં ગૃહમાં ફ્લોર ટેસ્ટ પહેલા વિપક્ષ એટલે કે મહાગઠબંધન દ્વારા સરકાર લઘુમતીમાં હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ ફ્લોર ટેસ્ટમાં વિપક્ષનો આ દાવો ખોટો સાબિત થયો હતો. ઉલ્લેખનીય છે કે, બિહાર વિધાનસભામાં કુલ ધારાસભ્યોની સંખ્યા ૨૪૩ છે.



ગૃહમાં બહુમત સાબિત કરવા માટે ૧૨૨ ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે, પરંતુ ફ્લોર ટેસ્ટમાં નીતિશ સરકારને આ સંખ્યા કરતા વધુ ધારાસભ્યોનું સમર્થન મળ્યું હતું.

ગૃહમાં ચર્ચા દરમિયાન નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ સિવાય ડેપ્યુટી સીએમ વિજય સિંહા અને સમ્રાટ ચૌધરીએ પણ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ દરમિયાન નીતિશ કુમારે તેજસ્વી યાદવ પર નિશાન સાધ્યું અને તેજસ્વી યાદવે નીતિશ કુમાર પર નિશાન સાધ્યું હતું.

આ પહેલા તેજસ્વી યાદવે બિહારના સીએમ નીતિશ કુમાર પર નિશાન સાધ્યું છે. તેજસ્વી યાદવે કહ્યું કે, તમે જાણ કર્યા વિના ગવર્નર હાઉસ ગયા, કમસે કમ તમારે પૂછવું જોઈતું હતું અને કોઈ મૂંઝવણ હતી તો કહેવી જોઈતી હતી. નીતિશ કુમાર પર નિશાન સાધતા તેજસ્વીએ કહ્યું કે, હું તમને ૯ વખત સીએમ બનવા બદલ અભિનંદન આપું છું, પરંતુ એક જ ટર્મમાં ૩ વખત સીએમ બનવાનો આ અદભૂત નજારો મેં પહેલીવાર જોયો છે. સમ્રાટ ચૌધરી પર નિશાન સાધતા તેજસ્વી યાદવે કહ્યું કે, તેમણે કહ્યું કે ભાજપ મારી માતા છે, પરંતુ હું કહું છું કે અસલી માતા આરજેડી છે.

વિજય સિંહાજી એક ટર્મમાં સ્પીકર, વિપક્ષના નેતા અને ડેપ્યુટી સીએમ બન્યા, આ માટે અભિનંદન. તેજસ્વી યાદવે કહ્યું કે, સીએમ આદરણીય હતા અને રહેશે. મને સાથે કામ કરવાનો મોકો મળ્યો અને મેં કામ કર્યું છે. તેણે ઘણી વખત કહ્યું કે, તેજસ્વી મારા પુત્ર સમાન છે, મેં તેને મારા વાલી પણ માન્યા છે. નીતિશ કુમારે ઘણી વખત જાહેરમાં કહ્યું હતું કે, હવે માત્ર તેજસ્વી જ આગળ વધશે, પરંતુ કદાચ મારી સાથે વનવાસની સ્થિતિ સર્જાશે. હું સંમત છું કે કોઈ મજબૂરી હશે પણ હું તેને વનવાસ ગણતો નથી. પહેલીવાર જ્યારે નીતીશ કુમારે આવું કર્યું ત્યારે પણ કહ્યું હતું કે, તેજસ્વી જે કંઈ છે તે ક્લિઅર કરો.

# ખેડૂત આંદોલન: પંજાબ બોર્ડર પર ત્રિસ્તરીય સુરક્ષા, ૧૫ જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ

ચંડીગઢ,તા.૧૨

હરિયાણા પોલીસે ખેડૂત સંગઠનોની દિલ્હી કૂચને લઈને અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા કરી છે. પંજાબ બોર્ડર પર ત્રણ સ્તરીય પોલીસ સુરક્ષા રહેશે. સૌથી પહેલા બીએસએફના જવાનો હશે અને તેમની પાછળ આરએએફ અને ત્રીજા સ્તરમાં હરિયાણા પોલીસના સશસ્ત્ર સૈનિકો તૈનાત રહેશે.

પંજાબ સાથેની સરહદને સીલ કરવા ઉપરાંત, પોલીસ કર્મચારીઓને પણ લિંક રોડ પર તૈનાત કરવામાં આવ્યા છે



અને વાહનોને ૧૩ ફેબ્રુઆરીએ ચેકિંગ અને પરવાનગી પછી જ હરિયાણામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૧૫ જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. આ અંતર્ગત ટ્રેક્ટર-ટ્રોલી દ્વારા કોઈપણ પ્રકારના પ્રદર્શન કે કૂચ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રાજ્યભરમાં ગુપ્તચર વિભાગના કર્મચારીઓ ક્ષણ-ક્ષણ માહિતી એકત્ર કરી મુખ્યમંત્રી કાર્યાલયને મોકલી રહ્યા છે. તે જ સમયે, સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ સોશિયલ મીડિયા દ્વારા ખોટી માહિતી ફેલાવતા તોફાની તત્વો પર નજર રાખી રહ્યું છે. હરિયાણા પોલીસે કડક ચેતવણી આપી છે કે સોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે લોકોને વેરિફિકેશન વગર સોશિયલ મીડિયા પર કોઈપણ પ્રકારની સામગ્રી કે વીડિયો શેર ન કરવા અપીલ કરી છે.

# ભારતની મોટી કૂટનીતિક જીત : કતારે આઠ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨

ભારતની મોટી કૂટનીતિક જીત થઈ છે. કતારે આઠ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા છે. તેઓ જાસૂસીના આરોપનો સામનો કરી રહ્યા હતા. તેમને મોતની સજા સંભળાવવામાં આવી હતી. ભારતની ભલામણ પર તેમની સજાને કતારના અમીરે અગાઉ ઘટાડી હતી અને ઉમરકેદમાં ફેરવી હતી. હવે વિદેશ મંત્રાલયના જણાવ્યાં મુજબ તેમને છોડી મૂકવામાં આવ્યા છે અને તેમાંથી સાત પૂર્વ નેવી અધિકારીઓ ભારત પાછા પણ ફર્યા છે. વિદેશ મંત્રાલયે



કહ્યું કે ભારત સરકાર કતારમાં ધરપકડ કરાયેલા દહરા ગ્લોબલ કંપની માટે કામ કરનારા આઠ ભારતીય નાગરિકોના છૂટકારાનું સ્વાગત કરે છે. આઠમાંથી સાત ભારતીયો ભારત પાછા ફર્યા છે. અમે આ નાગરિકોના છૂટકારા અને ઘર વાપસીને સક્ષમ કરવા માટે કતારના અમીરના નિર્ણયને બિરદાવીએ છીએ. કતારમાં ધરપકડ કરાયેલા ૮ ભારતીયોમાં કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કેપ્ટન બીરેન્દ્રકુમાર વર્મા, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર અમિત નાગપાલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કમાન્ડર સુગુનાકર પકાલા, કમાન્ડર સંજીવ ગુપ્તા અને સલર રાગેશ સામેલ હતા. આ અગાઉ ભારત સરકાર તરફથી મોતની સજા વિરુદ્ધ દાખલ કરાયેલી અપીલને કતાર કોર્ટે સ્વીકારી હતી. ભારત પાછા ફરેલા પૂર્વ નેવી અધિકારીઓમાંથી એકે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તક્ષેપ વગર તેમનો છૂટકારો શક્ય નહતો. તેમણે દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થયા બાદ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા.

**બસે નિયંત્રણ ગુમાવ્યું અને ડિવાઈડર સાથે અથડાઈ**

# મથુરાના યમુના એક્સપ્રેસ વે પર બસ સાથે કારની ટક્કરમાં ૫ ના મોત

મથુરા,તા.૧૨

યમુના એક્સપ્રેસ વે પર સોમવારે એક ભયાનક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. અહીં એક બસ કાબૂ બહાર જઈને ડિવાઈડર સાથે અથડાઈ હતી, જેના કારણે પાછળથી આવતી એક કાર બસ સાથે અથડાઈ હતી. અકસ્માત દરમિયાન બસ અને કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગમાં ૫ લોકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. આ ઘટના મથુરાના મહાવન પોલીસ સ્ટેશન વિસ્તારના માઈલ સ્ટોન ૧૧૭માં બની હતી.

વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) શૈલેષ પાંડેએ જણાવ્યું હતું કે, "યમુના એક્સપ્રેસ વે પર માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. આ ઘટના ત્યારે બની જ્યારે આગ્રાથી નોઈડા જઈ રહેલી બસે નિયંત્રણ ગુમાવ્યું અને ડિવાઈડર સાથે અથડાઈ અને પછી એક કાર પણ સાથે અથડાઈ. બસ અને બંને વાહનોમાં આગ લાગી હતી.



પોલીસે જણાવ્યું હતું કે બસમાં સવાર મુસાફરો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, પરંતુ કારમાં સવાર લોકો બળીને મૃત્યુ પામ્યા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર અડધા કલાક બાદ પણ ફાયર બ્રિગેડ સ્થળ પર પહોંચી ન હતી. બાદમાં ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે અને ઘટના પાછળના કારણ અંગે વધુ માહિતી એકઠી કરી રહી છે.

ગયા મહિને યમુના એક્સપ્રેસ વે પર બે બસો અથડાતાં ઓછામાં ઓછા ૪૦ લોકો ઘાયલ થયા હતા. ઉત્તર પ્રદેશમાં ૬-લેન પહોળો અને ૧૬૫.૫ કિમી લાંબો એક્સપ્રેસ વે દેશનો છઠ્ઠો સૌથી લાંબો એક્સપ્રેસ વે છે અને ગ્રેટર નોઈડાને આગ્રા સાથે જોડે છે.












# સુરેશ પાનસુરીયાએ ભાજપના બુથ લેવલ કાર્યકર્તાની દીકરીનું કન્યાદાન કર્યું



સાવરકુંડલા. તા. ૧૨

આજરોજ સાવરકુંડલા શહેર ખાતે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા દ્વારા ભારતીય જનતા પાર્ટીના એક બુથ લેવલના કાર્યકર્તા નીતિનભાઈ ડાભીની દીકરીનું કન્યાદાન કરવામાં આવ્યું હતું. સુરેશભાઈ પાનસુરીયા હરહંમેશ સમાજસેવા ને લોકસેવાના કાર્યો કરતા હોય ત્યારે આજે એક સામાન્ય પરિવારની દીકરીનું કન્યાદાન કરી સમાજને એક નવું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સુરેશભાઈ પાનસુરીયા દ્વારા અગાઉ પણ ૧૧૭ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓ હરહંમેશ લોકસેવા અને લોકોપયોગી કાર્યો કરતા રહે છે ત્યારે આ તકે પાનસુરીયાએ જણાવ્યું હતું કે હિન્દુ ધર્મની અંદર જો કોઈ શ્રેષ્ઠ દાન હોય તો તે કન્યાદાન છે અને હું વર્ષમાં અસંખ્ય દીકરીઓના કન્યાદાન કરું છું. માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓ તથા અમારા ભારતીય જનતા પાર્ટી પરિવારની દીકરીઓના કન્યાદાનનો મને અસંખ્ય વાર મોકો પ્રાપ્ત થયો છે તે બદલ હું ધન્યતા અનુભવુ છું.

# સાવરકુંડલા તાલુકાના ગામોમાં કચરો એકઠો કરવા ૧૬ મીની ટ્રેક્ટરની ફાળવણી




સાવરકુંડલા, તા.૧૨

સાંસદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં તાલુકા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ, જિલ્લા પંચાયત ચેરમેન, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, ગ્રામ પંચાયતના સરપંચો અને તલાટી મંત્રીઓની વિશાળ ઉપસ્થિતિમાં ૧૫ મા નાણાપંચ તાલુકા કક્ષાની ગ્રાન્ટમાંથી સફાઈ અને ગ્રામવિકાસના જુદા જુદા ઉપયોગ માટે મીની ટ્રેક્ટર અને ટ્રોલીનું કુલ ૧૬ ગામોમાં વિતરણ તાલુકા પંચાયત કચેરી સાવરકુંડલા ખાતે કરવામાં આવ્યું. જેમાં સાંસદે તેનો સુચારૂરૂપે ઉપયોગ કરવા અને દરેક ગામમાં સ્વચ્છતા જાળવવા જણાવ્યું અને ધારાસભ્યએ પણ ટ્રેક્ટરનો નિયમિત રીતે ઉપયોગ કરવા અને દરેક ગામના સરપંચો અને તલાટીઓને સ્વચ્છતા જળવાય તે અંગે જણાવ્યુ હતું તેમજ તાલુકાના વહીવટી તંત્ર દ્વારા નિયમિત ચકાસણી કરવા જણાવ્યું હતું.

# લાઠીના ધ્રૂફણીયામાં ગાંવ ચલો અભિયાન અંતર્ગત ઘરે ઘરે જઈ સ્ટીકર લગાવાયા



અમરેલી, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના ગાંવ ચલો અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લાભરમાં જનસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

જેના અનુસંધાને લાઠી તાલુકાના ધ્રૂફણીયા ગામે ધારાસભ્ય જનક તળાવીયા અને કાર્યકર્તાઓ દ્વારા ઘરે ઘરે જઈને સ્ટીકરો લગાવવાની કામગીરી કરવામાં આવી હતી અને કેન્દ્ર અને રાજયની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલી કામગીરીની માહિતી આપવામાં આવી હતી.

# વલારડીથી ચમારડી સુધીના રોડનું ધારાસભ્ય જનક તળાવીયાના વરદ હસ્તે ખાતમુહૂર્ત



બાબરા, તા.૧૨

બાબરા તાલુકાના વલારડીથી ચમારડી ગામને જોડતો માર્ગ ઘણા વર્ષોથી અતિ બિસ્માર હાલતમાં હતો. સ્થાનિક આગેવાનોએ અનેક વખત રજૂઆત કરતા લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા આ અંગે ગંભીરતાપૂર્વક સરકારમાં રજૂઆત કરી ખુબ જ ટૂંકા સમયગાળામાં માર્ગ અને મકાન વિભાગમાંથી મંજૂરી મેળવી રૂ.૮૨ લાખના ખર્ચે વલારડીથી ચમારડી સુધીના રોડને રિસરફેસ કરવાના કામ મંજૂર કરાવતા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે આગેવાનો અને ગામલોકોની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.આ તકે ચમારડી ગામના ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા, જિ.પંચાયત સદસ્ય હિંમતભાઈ દેત્રોજા, ગામના સરપંચ જગદીશભાઈ સહિતના આગેવાનો, ભારતીય જનતા પાર્ટી સંગઠનના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર માન્યો હતો.

# વીજપડી ગામે આહીર સમાજ દ્વારા ૨૩ મા સમૂહલગ્ન યોજાશે

સાવરકુંડલા. તા. ૧૨

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આહીર સમાજ દ્વારા તારીખ ૧૭-૨-૨૪ ના રોજ ૨૩ મો સમૂહલગ્ન કાર્યક્રમ યોજાશે. જેમાં ૩૬ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે. આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, પ્રદેશ મંત્રી રઘુભાઈ હુંબલ, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, બાવકુભાઈ ઉંધાડ, સાંસદ પૂનમબેન માડમ, ભગાભાઈ બારડ, ઉદયભાઈ કાનગડ, ત્રિકમભાઈ સાંગા, અમરીશભાઈ ડેર રાજુલા, માયાભાઈ આહીર તેમજ જ્ઞાતિ અગ્રણી જેવા મહાનુભાવો તેમજ સમસ્ત આહીર સમાજ જ્ઞાતિના અગ્રણીઓ તેમજ ઉદ્યોગકારો ઉપસ્થિત રહીને આ પ્રસંગને દીપાવશે.

# એકલેરા ગામે ૨૩ લાખના વિકાસ કામોનું ભૂમિપૂજન કરતા ધારાસભ્ય કસવાલા

## ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા.૧૨

લીલીયા તાલુકાના એકલેરા ગામે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ૨૩ લાખના વિકાસ કામોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું જેમાં નાણા પંચમાંથી બ્લોક રોડ માટે ૩.૫૨ લાખ અને દાતા વીરજીભાઈ દેવરાજભાઈ બાબરીયા તરફથી ૧૧ લાખ તેમજ વિવેકાધીન ગ્રાન્ટમાંથી કોઝ-વે માટે અઢી લાખ અને નાણાપંચમાંથી ગટર લાઈન માટે ૪ લાખ ૯૫ હજાર તેમજ દાતા હમીરભાઈ પાંચાભાઈ જોગરાણા તરફથી ગામના વિકાસ કામ માટે ૧ લાખ ૧૧ હજાર આપવામાં આવેલ. કુલ ૨૩ લાખના વિકાસ કામોનું વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા વિધિવત રીતે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ તકે લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ, કાનજીભાઈ નાકરાણી, ભરતભાઈ હુંમર સહિત એકલેરા ગામના સરપંચ રાજેશ્વરીબેન રાજ્યગુરુ, ઉપ સરપંચ ઘનશ્યામભાઈ, દિલીપભાઈ ખૂટ, અનિતાબેન ગજ્જર, માજી સરપંચ ભીખાભાઈ, માજી સરપંચ ધીરુભાઈ સહિતના ગ્રામજનો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મીની ટ્રેક્ટર ફાળવવા બદલ જીરા ગ્રામપંચાયત દ્વારા સા.કુંડલા તા.પં. નો આભાર માનવામાં આવ્યો



અમરેલી, તા.૧૨

સાવરકુંડલા તાલુકા પંચાયત દ્વારા ૧૫મા નાણાપંચમાંથી ગામડાઓમાં કચરો એકત્ર કરવા માટે મીની ટ્રેક્ટર ફાળવવામાં આવ્યા છે. તે માટે જીરા ગ્રામપંચાયત દ્વારા સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારી પરમાર અને તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયાનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. ગામના સરપંચ દક્ષાબેન ચોડવડીયા, ઉપસરપંચ રમેશભાઈ શેખડા તેમજ દેવચંદભાઈ ચોડવડીયા અને ગ્રામપંચાયતના સભ્યો દ્વારા અધિકારી અને પદાધિકારી બંનેનો આભાર માનવામાં આવ્યો હતો.

# લીલીયા મોટા રેલ્વે સ્ટેશન ખાતે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાનું સ્વાગત કરાયું



અમરેલી, તા.૧૨

લીલીયા મોટામાં તા.૧૨/૨/૨૦૨૪ ના રોજ લીલીયા મોટા રેલ્વે સ્ટેશન ખાતે સવારે ૭:૩૦ કલાકે કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાનું રેલ્વે મારફત આગમન થયું હતું. ત્યારે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયાની આગેવાનીમાં લીલીયા ભાજપ કાર્યકરો દ્વારા લીલીયા રેલ્વે સ્ટેશન ખાતે કેન્દ્રીય મંત્રી રૂપાલાનું સ્વાગત સન્માન કરવામાં આવ્યુ હતું. જેમાં લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિંછીયા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, કેતન ઢાકેચા, કાનજીભાઈ નાકરાણી, બાબુભાઈ ધામત, મગનભાઈ વિરાણી, મનસુખભાઈ ચોપડા, કિશોરભાઈ પાઠક, આનંદભાઈ ધાનાણી, કેપ્ટન ધામત, ઘનશ્યામભાઈ મેઘાણી, યોગેશભાઈ દવે, પ્રવીણભાઈ ચોપડા સહિતના લીલીયાના આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી, રાજુલા, જાફરાબાદ અને લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિની મિટિંગ મળી



અમરેલી, તા.૧૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની સૂચના મુજબ જન અધિકાર સંવાદ કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની અધ્યક્ષતામાં અમરેલી, રાજુલા, જાફરાબાદ અને લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં અમરેલીની બેઠકમાં આમ જનતાના પાયાના પ્રશ્નો જેવા કે, મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોને પોષણયુકત ભાવ વગેરે મુદ્દાઓને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આ બાબતે લોકોને ન્યાય મળે અને તેના માટે આવનાર સમયમાં ઉગ્ર કાર્યક્રમો કરવા તેમજ સંગઠનને મજબુત કરવા જનતા સાથે ખભે-ખભો મિલાવી કામ કરવા પ્રતાપભાઈ દુધાતે ઉપસ્થિત સૌને કામે લાગી જવા હાકલ કરી હતી. આ તકે પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, ટીકુભાઈ વરૂ, મનિષ ભંડેરી, હંસાબેન જોશી, દલસુખભાઈ દુધાત, આ ઉપરાંત જાફરાબાદ, રાજુલા, અને લીલીયા તાલુકાની મિટિંગમાં પણ કોંગ્રેસના આગેવાનો અને હોદ્દેદારોએ ઉપસ્થિત રહી આગામી ચૂંટણીલક્ષી ચર્ચા વિચારણા કરી હતી.









# ધરાઈનાં સરપંચ પર જીવલેણ હુમલો કરનાર વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા આવેદન પત્ર અપાયું

બાબરા,તા.૧૨



ધરાઈ ગામના સરપંચ પર જીવલેણ હુમલો કરનાર ઈસમો વિરૂદ્ધ કડક પગલા લેવા માટે બાબરા તાલુકાના તમામ સામાજીક આગેવાનો દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. આરોપીઓ ખુલ્લેઆમ ફરતા રહેશે તો કાયદાનો ડર જ નહીં રહે અને સમાજમાં ખોટી અસર થશે. સરપંચ જીવલેણ હુમલામાં બચી ગયેલ હોય અને તમામ આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવે તો આવો બનાવ ફરી બની શકે છે અને હવે આરોપીઓ દ્વારા ફરી આવું કાયદા વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી પોલીસ તંત્રની રહેશે. આ તમામ આરોપીઓની વહેલી તકે અટકાયત કરવામાં નહીં આવે તો ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાની આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે.

# અમરેલીનું કામચલાઉ એસટી બસ સ્ટેન્ડ ધૂળિયું બન્યું:મુસાફરો પરેશાન


અમરેલી,તા.૧૨



અમરેલીમાં કામચલાઉ બસ સ્ટેન્ડ ધૂળિયું બન્યું છે. જેના કારણે મુસાફરો પરેશાન છે. ત્યારે નવા બસ સ્ટેન્ડનું લોકાર્પણ ક્યારે કરવામાં આવશે? તેવા મુસાફરોમાં સવાલ ઉઠી રહ્યા છે.અમરેલીમાં છેલ્લા પાંચ વર્ષ કરતા વધુ સમયથી નવા બસ સ્ટેન્ડની કામગીરી ચાલી છે પરંતુ હજુ સુધી અમરેલીની જનતાને નવું બસ સ્ટેન્ડ મળ્યું નથી. ફાયર સેફટીની કામગીરી બાકી છે. અત્યારે કામચલાઉ બસ સ્ટેન્ડમાં એસટી બસોનું સંચાલન કરવામાં આવે છે પરંતુ આ બસ સ્ટેન્ડમાં સતત ધૂળ ઉડી રહી છે જેના કારણે મુસાફરો પરેશાન બન્યા છે. બસ સ્ટેન્ડમાં કેટલાક સ્થળે ખાડાઓ પડી ગયા છે. ત્યારે હવે નવું બસ સ્ટેન્ડ તાત્કાલીક ધોરણે શરૂ કરવામાં આવે તેવું અમરેલીની જનતા ઈચ્છી રહી છે.

# મેથળીધારનાં ખોડીયાર મંદિરે જયંતિ મહોત્સવની ઉજવણી થશે

દામનગર,તા.૧૨



મેથળીધારનાં ધારેશ્વરી ખોડીયાર મંદિરે શનિવારે ખોડીયાર જયંતિ મહોત્સવની ઉજવણી થશે. આગામી શનિવારે ઢસા-દામનગર વચ્ચે આવેલ મેથળીધાર ઉપર આવેલ ધારેશ્વરી ખોડીયાર મંદિરે ખોડીયાર જયંતિ મહોત્સવ નિમિત્તે સવારના યજ્ઞ, સંતવાણી અને ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. મહંત બંસીદાસ બાપુએ આ ધર્મ કાર્ય -મહોત્સવનો લાભ લેવા જણાવેલ છે.

# ચલાલામાં ધારાસભ્યનાં હસ્તે 'વાત્સલ્ય' પ્રસૂતિ ગૃહ ખુલ્લુ મુકાયું

ચલાલા,તા.૧૨



ચલાલામાં ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં હસ્તે 'વાત્સલ્ય' પ્રસૂતિ ગૃહ ખુલ્લુ મુકાયું હતું. આ તકે રતિદાદા, ક્રિષ્નાદીદી, ઉદય બાપુએ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી. ડો. દષ્ટીબેન જેઠવા અને ડો. અંકિત સંઘવી સંચાલીત વાત્સલ્ય પ્રસૂતિ ગૃહ હોસ્પિટલનો ધારાસભ્ય જે.વી. કાકડીયા દ્વારા શુભારંભ કરાયો હતો. આ તકે સંસ્કારધામના રતિદાદા, બ્રહ્માકુમારી ચલાલાના ક્રિષ્ના દીદી, અનિતા દીદી, દાનેવધામ પરિવારના ઉદયબાપુ, શહેર ભાજપ ઉપપ્રમુખ ભૈયલુભાઈ વાળા, ચલાલા ન.પા. ના પૂર્વ પ્રમુખ ગીતાબેન કારીયા, જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી પ્રકાશભાઈ કારીયા સહિત જુદા જુદા સમાજના આગેવાનો હાજર રહ્યાં હતાં.

# ધારીનો સાયકલવાળા પરિવાર જન્મ દિવસે જનરેટર અર્પણ કરીને અનોખી ઉજવણી કરશે

## શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાને જનરેટર અર્પણ

ધારી, તા.૧૨

ધારી નિવાસી સ્વ. અબ્બાસભાઈ કપાસીની પુણ્યસ્મૃતિમાં તેમનો પરિવાર અનેક સામાજિક કાર્યો કરતો રહે છે. આ વખતે તા. ૧૫/૦૨/૨૦૨૪ને ગુરુવારના રોજ એમના સુપુત્ર શબ્બીરભાઈ (શિકાગો)ના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવાના શુભ આશય સાથે તેમના માતૃશ્રી ખતિજાબેનના હસ્તે શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાને જનરેટર અર્પણ કરવામાં આવશે.

# રાજુલામાં ગેબનશા પીર ખાતે ઉર્ષની ઉજવણી કરવામાં આવી

રાજુલા,તા.૧૨




રાજુલામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગેબનશા પીર ખાતે ઉર્ષની ઉજવણી કરવામાં આવી હતી. મહમદભાઈ ગોરીનાં ઘરેથી આ ઉર્ષની શરૂઆત થઈ હતી. આ ઉર્ષમાં હિન્દુ-મુસ્લિમ સહિત દરેક સમાજનાં લોકો જોડાયા હતા. આ ઉર્ષમાં દરેક સમાજ જોડાતા અહી કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું હતું. જેથી આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ઉર્ષમાં છત્રજીત ધાખડા, અક્ષયભાઈ ધાખડા, અબ્દુલભાઈ ચાવડા, પાલેખાન રસુલભાઈ કુરેશી, રાજુભાઈ જાખરા, વિજયભાઈ વાઘ, ગુલમમદભાઈ દલ, ઈમરાન ભાઈ શેખડા, ભીખુબાપુ, જેન્તીભાઈ જાની સહિતનાં લોકોએ હાજરી આપી હતી.

# પરશોત્તમ રૂપાલા આયોજીત અમરેલી જિલ્લાકક્ષાની સાંસ્કૃતિક સ્પર્ધામાં દરેક તાલુકામાંથી સ્પર્ધકો જોડાયા


અમરેલી,તા.૧૨



અમરેલી જિલ્લાના કલાકારોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના હેતુ સાથે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યસભા સાંસદ અને કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી મંત્રી પરશોત્તમભાઈ રૂપાલા દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા અમરેલી શહેરમાં કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય (નૂતન મિડલ સ્કૂલ)ના પ્રાંગણમાં યોજાઈ હતી. ઈફકો અને એન.સી.યુ.આઈ.ના ચેરમેન દિલિપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જિલ્લા કક્ષાની સ્પર્ધાના સમારોહમાં તાલુકા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓએ પોતાની કલાકૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે અમરેલી જિલ્લા કક્ષાએ વિજેતા થનારા ખેલાડીઓને રજત ચંદ્રકોથી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ ઉદ્‌ઘાટન સમારંભમાં ધોળ, લોકગીત, મંજીરા વાદન, સુગમ સંગીત અને રાસની રમઝટની પ્રસ્તુતિઓ નિહાળી હતી.

કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ કર્યું અને કહ્યુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ સાંસદોને ખેલાડીઓ અને કલાકારોને મંચ આપવાના હેતુથી આ પ્રકારની સ્પર્ધાઓ યોજવાનું સૂચન કર્યુ હતું.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીનો કોઇ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



અમરેલીમાં મોકાની જગ્યા વેચવાની/ભાડે આપવાની છે
જુના માર્કેટીંગયાર્ડ રોડ ઉપર અતિ મોકાની ૧૧૫૫ સ્કવેર ફુટ જગ્યા, નગરપાલિકાનું પાણી અને ગટર કનેક્શન સુવિધા સાથે અગાસી સાથે વેચવાની /ભાડે આપવાની છે
હોસ્પિટલ, બેંક, હોટેલ, શો-રૂમ તેમજ બીજા અનેક ધંધાને અનુકુળ અતિ મોકાની જગ્યા વેચવાની /ભાડે આપવાની છે
સરનામુ:- જુના માર્કેટીંગયાર્ડ રોડ, હોટલ અવધની બાજુમાં, પહેલો માળ, શિવ કોમ્પલેક્ષ,અમરેલી
તા.ક. દલાલ ભાઈઓ આવકાર્ય છે
સંપર્ક: મો.૯૯૦૯૯ ૫૭૭૦૦, ૯૯૦૯૧ ૫૦૮૩૫


## અવસાન નોંધ

**ડોળાસા**

સ્વ. વસંતલાલ રતિલાલ કાનાબાર (ઉં. વ.૮૧) તે વિશાલભાઈ (વડોદરા) અને દીપકભાઈ (મુંબઈ)ના પિતા તે અશ્વિનભાઈ અને ડોળાસાના પ્રેસ પ્રતિનિધિ અનિલભાઈ કાનાબારના મોટાભાઈ તેમજ મેહુલભાઈ, નિલેશભાઈ અને ડો.ગૌરવ કાનાબાર (ડોળાસા) ના મોટા બાપુજી તે ભીખુભાઈ એન.બુદ્ધદેવ (હરીપુર, તા.તાલાલા) અને ભગવાનજીભાઈ (સાસણ) ના બનેવીનું તા.૮/૨ /૨૦૨૪ના રોજ વડોદરા મુકામે મરણ થયું છે. સ્વર્ગસ્થનું બેસણું અને સ્વસુરપક્ષની સાદડી તા ૧૫/૨/૨૦૨૪ ના રોજ સાંજના ત્રણ થી પાંચ વાગ્યા સુધી કોમ્યુનિટી હોલ, ગોંદરા ચોક , ડોળાસા તા.કોડીનાર ખાતે રાખેલ છે.


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા) આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com


## સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી રાજુલાની કોર્ટમાં મું. રાજુલા

જન્મનોંધ પરચુરણ અરજી નં. ૬૧/૨૦૨૩

અરજદાર :- માધાભાઈ નારણભાઈ કળસરિયા
ધંધો : ખેતી, ઉ.વ.-૭૩, ધર્મેઃ- હિન્દુ,
રહેઃ મું. વડલી, તા. રાજુલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી -કમ-મંત્રીશ્રી,
ગામઃ વડલી, તા.રાજુલા, જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના **રાજુલા તાલુકાના વડલી** ના રહીશ શ્રી **માધાભાઈ નારણભાઈ કળસરિયા** એ તેમનાં પુત્ર મગનભાઈ ની જન્મ તા.૦૧/૦૬/૧૯૭૮ નાં રોજ રાજુલા તાલુકાના વડલી ગામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી **વકીલ શ્રી એ.આર. બલદાણિયા** મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ -મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામા આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૭/૦૩/૨૦૨૩ ના રોજ મારી સહી તથા સિકકા કરીને આપ્યા.

સ્થળ :- રાજુલા
તા.૨૭/૦૩/૨૦૨૩

(કોર્ટનો સિક્કો)

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા


મુકેશ સંઘાણી 94281 45595 | New Number 97230 67130 | હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ - બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/o.પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો.૯૪૨૮૧ ૮૭૪૭૯

# થોરખાણ જનતા વિદ્યાલયમાં ત્રણ જિલ્લાના ગાંધી મેળાનું આયોજન

અમરેલી, તા.૧૨



સર્વોદય સરસ્વતિ વિદ્યા મંદિર બાબાપુર આયોજીત, ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાનો ગાંધી મેળો જનતા વિદ્યાલય થોરખાણ ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થિનીઓએ વૈષ્ણવજન ભજન રજૂ કર્યુ હતું. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યુ હતું અને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આમંત્રિત મહેમાનોનું સૂતરની આંટી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ ગાંધી મેળાનો હેતુ ગાંધીજીના જીવન કવન, મૂલ્યો, ગાંધી વિચાધારાનું અનુસરણ, સ્વચ્છતા પાલન, સ્વાવલંબન, સ્વાશ્રય અને વર્તમાન સમયમાં ગાંધી વિચારને આજની યુવા પેઢી સુધી પહોંચાડવા વર્તમાન ટેકનોલોજીનું જોડાણ હતો. આ પ્રસંગે સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાના પ્રમુખ વસંતદાદા પરીખ, લોકભારતી ગ્રામ વિદ્યાપીઠના મેનેજિંગ ટ્રસ્ટી અરૂણભાઈ દવે તથા કાલિન્દીબેન પરીખ, હિંમતભાઈ ગોડા તેમજ મંદાકિનીબેન પુરોહિતે પ્રેરક અને મનનીય પ્રવચન આપ્યા હતા.

# અમરેલીમાં એક રહેણાંક મકાનમાં આગ લાગતા દોડધામ મચી, જાનહાનિ નહીં

## આગમાં ઘરવખરી બળીને ખાક થઈ, કોઈ જાનહાનિ નહિ

અમરેલી, તા.૧૨




અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ કે અમરેલી શહેરના મધ્યમાં આવેલ રામજી મંદિર પાસે, સરકારવાડા, સેવક મંડળવાળી શેરીમાં એક રહેણાંક મકાનમાં અચાનક આગ લાગવાની ઘટના બની છે. જેથી અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમે તુરંત ઘટનાસ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં ઘરવખરીનો સામાન બળીને ખાક થઈ ગયો હતો, પરંતુ આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી જેથી રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ફાયરમેન સાનિયા નિલેશભાઈ, કરનભાઈ ગઢવી, જયદીપભાઈ ઈસોટીયા, ભુરીયા જગદીશભાઈએ કામગીરી કરી હતી.

# કોંગ્રેસ ઓબીસી વિભાગના ઉપપ્રમુખ દિલીપ બસીયાની કાર્યકરોને ચૂંટણીના કામમાં લાગી જવા હાકલ

અમરેલી, તા.૧૨



અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી વિભાગના ઉપપ્રમુખ દિલીપભાઈ બસીયાએ એક સંદેશો પાઠવી કાર્યકરોને લોકસભા ચૂંટણીના કામે લાગી જવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, લોકસભા ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ઓબીસી સંગઠન વધારેમાં વધારે કામ કરે, તાલુકા-શહેર અને જીલ્લા સંગઠન ઓબીસી તાલુકા પ્રમુખ, મહામંત્રી, મંત્રી બધા જ રચનાત્મક ભૂમિકા ભજવે તે જરૂરી છે. આગામી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષને વધુને વધુ મજબૂત કરો તેવી વિનંતી કરું છું.

# સાવરકુંડલા શહેરમાં વર્ષોથી ધૂળ ખાતી શાકમાર્કેટને ધમધમતી કરવાનું સપનું સાકાર

સાવરકુંડલા. તા. ૧૨



સાવરકુંડલામાં નગરપાલિકા દ્વારા પૂજ્ય શામજીબાપુ શાકમાર્કેટ ૧૭ વર્ષ બાદ ફરીથી શરૂ કરવામાં આવી હતી. દેવળા ગેઈટ ખાતે આવેલી પૂ. શામજીબાપુ શાકમાર્કેટની સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુલાકાત લીધી હતી અને વેપારી મિત્રો સાથે સંવાદ સાધી અનુકૂળ વાતાવરણ પૂરું પાડવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મુલાકાત દરમિયાન નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, મહામંત્રી વિજયસિંહ વાઘેલા, રાજેશભાઈ નાગ્રેચા, નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતિકભાઈ, કા.ચેરમેન અશોકભાઈ, નગરપાલિકા ચેરમેન, નગરપાલિકા સદસ્યો, સંગઠન હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં ગાંવ ચલો અભિયાનમાં પ્રવાસી કાર્યકર રાજુભાઈ મિલને મુલાકાત લીધી



અમરેલી, તા.૧૨

ભાજપ દ્વારા ગાંવ ચલો અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ભાજપના નેતાઓ, કાર્યકરો ગામડાઓનો પ્રવાસ કરી રહ્યા છે. આ અંતર્ગત અમરેલી શહેર વોર્ડ નંબર ૧ના બૂથ નંબર ૧૮૨/૧૮ના પ્રવાસી કાર્યકર રાજુભાઈ મિલન અને સહાયક કાર્યકર નકવી બાપુએ મુલાકાત લીધી હતી.

# હડાળા ગામની પરિણીતાને પતિએ મેણાટોણા મારી ધમકી આપી

## સાસરિયા સામે નોંધાવી ફરિયાદ

બગસરા, તા.૧૨

બગસરાના હડાળા ગામે રહેતી એક પરિણીતાને તેના પતિએ ઘરકામ બાબતે મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપ્યો હતો. સાસરિયાએ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે અલ્પાબેન ભરતભાઈ પાનસેરિયા (ઉ.વ.૩૫)એ શાપર વેરાવળ, ખોડીયારનગર-૧માં રહેતા પતિ ભરતભાઈ ગોબરભાઈ પાનસેરીયા, સાસુ કંચનબેન ગોબરભાઈ પાનસેરીયા, સસરા ગોબરભાઈ જેરામભાઈ પાનસેરિયા, જેઠ-જેઠાણી, નણંદ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પતિએ તેમને ઘરકામ બાબતે મેણાટોણા બોલી, શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપી ઢીકાપાટુનો માર માર્યો હતો.

ઉપરાંત ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના યુવકને ડીલરશીપની ખોટી લાલચ આપી ૮.૮૭ લાખનો ચૂનો લગાવ્યો

અમરેલી, તા.૧૨

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અવેરનેસના અનેક કાર્યક્રમો કરવામાં આવે છે, તેમ છતાં લોકો સાયબર ગઠિયાની જાળમાં ફસાઈ રહ્યા છે. જેનો વધુ એક કિસ્સો અમરેલીમાં સામે આવ્યો છે. અમરેલીમાં રહેતા ઉદયભાઈ રવજીભાઈ દુધાત (ઉ.વ.૩૪)એ ત્રણ મોબાઈલ ધારકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને આઈટીસી લિમિટેડ કંપનીના મેનેજર તેમજ કર્મચારીની ઓળખ આપી ડીલરશીપ મેળવવાની લાલચ આપી હતી. જે બાદ તેમની પાસેથી જુદી-જુદી રકમના ટ્રાન્ઝેક્શન કરાવી કુલ ૮,૮૭,૬૩૧ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ડી.કે.વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સુમન સેવા ટ્રસ્ટ દ્વારા હાલરડા ગાન હરીફાઈનું ભવ્ય આયોજન

## ગાવાનો સમય પાંચ મિનિટ રહેશે, હાલરડાની રજૂઆત મૌખિક કરવાની રહેશે

અમરેલી, તા.૧૨

અમરેલી ખાતે સુમન સેવા ટ્રસ્ટ દ્વારા હાલરડા ગાન હરીફાઈનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. હાલરડા ગાન ગાયકોના કંઠને જીવીત કરવા અમરેલી જિલ્લામાં હાલરડા ગાન હરીફાઈનું એપ્રિલ માસમાં આયોજન કરવામાં આવ્યું છે. આ લુપ્ત થઈ ગયેલ હાલરડા ગાનમાં ભાગ લેવા માગતા ગાયકોએ ગુજરાતી ભાષામાં હાલરડા ગાવાના રહેશે. આખુ હાલરડું, આધારકાર્ડ, હાલરડાનું લખાણ વોટસએપ પર મોકલવાનું રહેશે. ગાવાનો સમય પાંચ મિનિટ રહેશે. હાલરડાની રજૂઆત મૌખિક કરવાની રહેશે. બહેનોના વિભાગમાં ૧૫ થી ૩૦ વર્ષ અને ૩૧ થી ૫૦ થી ઓપન વિભાગમાં સ્પર્ધા યોજાશે. આ હાલરડા ગાનમાં ભાગ લેવા માગતા સ્પર્ધકે તા. ૩૦-૦૨-૨૦૨૪ પ્રમુખ રમેશભાઈ એસ. ગોહિલ (મો.૯૩૭૪૭૩૪૮૨૦)ને પહોંચાડવાના રહેશે. આ માટે ભીખુભાઈ પી. મકવાણા મો.૯૯૯૮૫૧૪૨૯૫ અને રતનબેન આર. બલદાણીયાનો મો. ૯૨૬૫૦૪૫૨૦૦ પર સંપર્ક કરી શકાશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિઃ ચોથ
તા. ૧૩-૦૨-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૧,
સૂર્યાસ્ત-૦૬:૦૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૧૩-૦૨-૨૦૨૪ મંગળવાર

મેષઃ આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે. જેના કારણે તમારી કામ કરવાની શૈલી પણ સુધરશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે.

વૃષભઃ ધંધાના દ્રષ્ટિકોણથી આ સારો સમય છે. નવી ડીલ દ્વારા પ્રતિષ્ઠા વધશે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

મિથુનઃ ભાગ્યના સહયોગથી રોજગાર અને ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાશીલ સફળતા પ્રાપ્ત થશે.

કર્કઃ શરૂ થયેલા કામમાં તમને સફળતા મળશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે. તમને તમારા જીવનસાથીનો સહયોગ મળશે.

સિંહઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. પારિવારિક ખર્ચને નિયંત્રિત કરવાની જરૂર છે.

કન્યાઃ વિદ્યાર્થીઓ ઇચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો કરશે. કોઈપણ કિંમતી વસ્તુઓ અને દસ્તાવેજો તમારી પાસે રાખો.

તુલાઃ તમારા દ્વારા કરવામાં આવેલ રોકાણ સારા પરિણામ આપશે. ધંધાકીય કાર્યમાં પ્રગતિને કારણે તમને તમારા અનુભવનો પૂરો લાભ મળશે.

વૃશ્ચિકઃ જો ઘર અને વાહન ખરીદવાની ઇચ્છા હોય તો તમારા પ્રયત્નો સફળ થશે. મિત્રો સાથે મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

ધનઃ બાળકો સંબંધિત ચિંતા આજે સમાપ્ત થઈ જશે. પિતાના માર્ગદર્શનથી વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલો ડેડલોક સમાપ્ત થઈ જશે.

મકરઃ ધંધાકીય ક્ષેત્રે પ્રગતિને કારણે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. ભાઇઓની સહાયથી અટકેલા કાર્યોમાં પ્રગતિ થશે.

કુંભઃ તમારી મહેનત કાર્યક્ષેત્રમાં નવી ઉર્જા લાવશે અને અટકેલા કાર્યો પૂર્ણ થતાં જોશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મીનઃ રોજગારમાં ફેરફાર કરવા માટે સમય યોગ્ય નથી. બિઝનેસમાં તમારે ભાગદોડ કરવી પડી શકે છે, જેના કારણે તમારું સ્વાસ્થ્ય બગડી શકે છે.

# રાજકોટ મધ્યસ્થ જેલમાંથી ફરાર થયેલ ખૂનનો આરોપી ઝડપાયો

અમરેલી,તા.૧૨



રાજકોટ મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન બાદ ફરાર થયેલા ખૂનના કેસમાં આજીવન કેદની સજાના આરોપીને અમરેલી તાલુકા પોલીસની ટીમે જસવંતગઢ પાસેથી ઝડપી લીધો હતો. અમરેલીના ચિતલમાં રહેતા અનવર ઉર્ફે અનુ ઉર્ફે ભુરો હનીફભાઈ ઈસ્માઈલભાઈ બીલખિયાને ખૂનના કેસમાં અમરેલી સેશન્સ કોર્ટે આજીવન કેદ અને દંડની સજાનો હુકમ કર્યો હતો.

અનવર ઉર્ફે અનુ ઉર્ફે ભુરો બીલખિયા રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહ્યો હતો. પણ તે વચાગાળાના જામીન પર છુટી હાજર થયો ન હતો અને ફરાર થયો હતો. ત્યારે ડીવાયએસપી જે.પી. ભંડારીના માર્ગદર્શન હેઠળ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ આર.જી. ચૌહાણની રાહબરી નીચે ટીમે અનવર ઉર્ફે અનુ ઉર્ફે ભુરો હનીફભાઈ ઈસ્માઈલભાઈ બીલખિયાને જસવંતગઢ પાસેથી ઝડપી લીધો હતો અને તેમને ફરી રાજકોટ મધ્યસ્થ જેલમાં ધકેલાયો હતો.

# જિલ્લામાંથી નશામાં વાહન ચલાવતાં ચાર ઈસમ ઝડપાયા

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં વાહન ચલાવતા ૪ ઈસમોને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

અમરેલી-સાવરકુંડલા બાયપાસ ચોકડી, ધરાઈ ગામેથી ચમારડી ગામ જતા રસ્તે, ચમારડી ગામેથી વલારડી ગામ તરફ જતા રસ્તે અને ઉંટવટ ગામે રાયપુર જવાના રસ્તે પુલ પરથી એક-એક ઈસમો નશામાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા. સુડાવડ અને હિંડોરણા ગામેથી એક-એક મળી બે ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

નવી કાતર ગામેથી ત્રણ લીટર અને લાઠી ટાઉન લુવારીયા દરવાજા પાસેથી ૨ લીટર દેશી દારૂ મળ્યો હતો.

# વનવિભાગ દ્વારા વાઘણીયા ગામની સીમમાં ૨૫ હેક્ટર વિસ્તારમાં કન્ઝર્વેશન રીઝર્વ તૈયાર કરાશે

અમરેલી,તા.૧૨



વન અધિકારીઓના જણાવ્યા મુજબ કન્ઝર્વેશન રીઝર્વના કારણે ગ્રામીણ વિસ્તારના ખેડૂતો અને પશુપાલકોને વ્યાપક પ્રમાણમાં ફાયદો થશે. જે અંતર્ગત શેત્રુંજી કાંઠાના વિસ્તારો, સરકારી પડતર, ખરાબાની જમીનના સાવજોના વસવાટ અને વિચરણ માટે ઉપયોગનું આયોજન કરાયુ છે. એશિયાઇ સિંહોના લાંબાગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવા રીઝર્વ તૈયાર કરાશે. વાઘણીયામાં સર્વે નં. ૧૦૫ અને ૧૧૧ની ૨૫ હેક્ટર જેટલી જમીનને કન્ઝર્વેશન રીઝર્વ જાહેર કરવા શેત્રુંજી ડિવિઝન દ્વારા અમરેલી કલેકટરને દરખાસ્ત કરાઇ છે. આમ ઠવી અને વાઘણીયામાં કુલ ૭૫ હેકટરમાં રીઝર્વ બનાવાશે અને લોકભાગીદારીથી વન્યપ્રાણીઓને સંરક્ષણ અપાશે. વનતંત્ર જે તે ગ્રામ પંચાયતોની સહમતીથી આ પ્રકારની જુદાજુદા ગામોની દરખાસ્ત તૈયાર કરશે.

# ૧૨ વિદ્યાર્થીના નવોદય પરીક્ષાના ફોર્મ ન ભરનાર લુવારા શાળાના આચાર્યની બદલી

## શાળાને તાળાબંધી કરવાની ચીમકી સાથે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાઈ હતી

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા તાલુકાના લુવારા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્યએ ફરજમાં બેદરકારી દાખવી ૧૨ છાત્રના નવોદય પરીક્ષાના ફોર્મ જ ન ભરતા ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. આચાર્ય સામે કડક કાર્યવાહીની માંગ કરાઈ હતી. જેને પગલે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા આચાર્યની તાકિદની અસરથી રાજુલાના હડમતીયામાં બદલી કરી નાખવામા આવી હતી. લુવારા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા શેખ ઈમ્તિયાઝ સતારભાઈએ જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા માટેના ૧૨ છાત્રોના ફોર્મ ભર્યા ન હતા. જયારે વાલીઓએ આ બાબતે પૂછપરછ કરતા ગલ્લા-તલ્લા કર્યા હતા. આચાર્યની આવી બેદરકારીના કારણે વાલીઓમાં રોષ ભભુકયો હતો અને શાળાને તાળાબંધી કરવાની ચીમકી સાથે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી હતી. આ ઉપરાંત સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને પણ રજૂઆત કરી હતી. જેને પગલે શિક્ષણ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. જેમાં આચાર્યની બેદરકારી સામે આવી હતી.

**તંત્રી લેખ**

# મલ્ટીનેશનલ કંપનીઓ ગિગ વર્કર્સનું શોષણ કરે છે

શહેરના રાજમાર્ગો પર આપે અનેકવાર બાઈક અથવા સાયકલ પાછળ મોટું વજનદાર બોક્ષ બાંધેલા યુવાનોને જોયા હશે. આ યુવાનો ઈન્ફોર્મેશન ટેકનોલોજીની વિશ્વસ્તરીય કંપનીના ઓછામાં ઓછું કમાતા મજૂરો છે. બહુ ઓછી કંપની તેને વ્યવસ્થિત પગાર આપે છે. આ કર્મચારીઓ ગીગ વર્કર્સ તરીકે જાણીતા છે. ગિગ વર્કર્સને કંપની પાસેથી ન્યૂનતમ વેતન, અકસ્માત વીમો, ઈએસઆઈ, સ્વાસ્થ્ય અને પીએફ જેવી કાનૂની સુરક્ષા મળવી જોઈએ. પરંતુ કાયદો ન ઘડાવાથી લાખો યુવાઓનું ગિગ વર્કર્સના રૂપમાં શોષણ થઈ રહ્યું છે. ઓલા, ઉબર, ઝોમેટો, ડંજો, સ્વિગી અને બિગ બાસ્કેટ જેવી કંપનીઓ સાથે જોડાયેલા ડ્રાઈવરો, ડિલિવરી બૉય અને કામદારોને - ડિજિટલ યુગમાં ગિગ વર્કર કહેવામાં આવે છે. નાસ્કોમ અનુસાર, ભારતની સમૃદ્ધ ટેક ઈન્ડસ્ટ્રીથી ૫૪ લાખ લોકો જોડાયેલા છે, પરંતુ અનેકગણા ગિગ વર્કર્સને ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યા છે. નીતિ આયોગના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૧માં ભારતમાં ૭૭ લાખ ગિગ વર્કર્સ હતા. ગિગ વર્કર્સથી જોડાયેલા ચાર મુદ્દાઓની મૂળભૂત સમજ હોવી જરૂરી છે. વાસ્તવિકતા એ છે કે ગ્લોબલ સ્લેવરી ઈન્ડેક્સ અનુસાર વિશ્વમાં પાંચ કરોડ લોકો ગુલામીનું જીવન જીવવા માટે મજબૂર છે, જેમાં ૧.૧ કરોડ લોકો ભારતમાં છે. ઝારખંડ સરકારના શ્રમ વિભાગના રિપોર્ટ અનુસાર ચીન સરહદ પર સડકનું નિર્માણ કરનારા સંથાલના આદિવાસી શ્રમિકોને સેફ્ટી ગિયર અને જેકેટ જેવી મૂળભૂત વસ્તુઓ પણ નસીબ થઈ રહી નથી. સરહદની સુરક્ષા કરતાં લોકોને વાસણ ન મળવાને કારણે હાથમાં રોટલી લઈને જમવું પડે છે. આઈએલઓ અનુસાર ભારતમાં દર ૧૦માંથી ૯ શ્રમિકોનો રોજગાર અસ્થાયી હોવાને કારણે અર્થતંત્ર સામે મોટો પડકાર છે. 'ધ હિન્દુ'ના રિપોર્ટ અનુસાર મનરેગાના ૨૬ કરોડ જૉબ કાર્ડ ધારકોમાંથી ૪૧.૧% આધાર પેમેન્ટ સિસ્ટમથી જોડાઈ શકાયા નથી. તેને કારણે ૧૪.૪ કરોડ સક્રિય શ્રમિકોમાંથી ૧૮.૩% એટલે કે ૨.૧૩ કરોડ લોકોને કામ છતાં રોજગારી મળી રહી નથી. એટલે જ સરકારી ખજાનાથી ગિગ વર્કર્સને રાહત આપવી મુશ્કેલ છે. ડિજિટલ કંપનીઓ - ટેક કંપનીઓનો કંટ્રોલ અમેરિકા, યુરોપ, ચીન અને સિંગાપુર જેવા દેશોમાં છે. અમેરિકાના કેલિફોર્નિયામાં પ્રભાવી શ્રમ કાયદા છે. સુપ્રીમ કોર્ટના ૨૦૨૧ના ચુકાદા બાદ બ્રિટનમાં ઉબરના ડ્રાઈવરોને વર્કર્સનો દરજ્જો મળ્યો. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડે પણ પ્રભાવી કાયદા બનાવ્યા છે. જ્યારે ભારતમાં ઈન્ટરમીડિયરી અને એગ્રિગેટરના રૂપમાં ટેક કંપનીઓ કાનૂની જવાબદારીથી બચવા માટે ગિગ વર્કર્સની સંખ્યા અને વિગતો જાહેર કરી રહી નથી. આઈડી બ્લોક હોય તેવા નાના મામલે ગિગ વર્કર્સની ફરિયાદના સમાધાન માટે કોઈ સિસ્ટમ બની નથી. દુનિયાના સૌથી મોટા ડિજિટલ માર્કેટ એવા ભારતમાં સંસદથી પ્રભાવી કાનૂન બનાવવાને બદલે ગિગ વર્કર્સ માટે રાજ્યોમાં હવાઈ વાયદા ચાલી રહ્યા છે. આ વર્કરોને શ્રમ કાયદો લાગુ નથી પડતો. ગિગ વર્કર્સને કંપની પાસેથી ન્યૂનતમ વેતન, અકસ્માત વીમો, ઈએસઆઈ, સ્વાસ્થ્ય અને પીએફ જેવી કાનૂની સુરક્ષા મળવી જોઈએ. તેમના માટે કેન્દ્ર સરકારે ૨૦૨૦માં ૪૪ શ્રમ કાયદા સાથે સામાજિક સુરક્ષા કોડના ચાર વિભાગ જારી કર્યા હતા. વડાપ્રધાને ઓગસ્ટ ૨૦૨૨માં લેબર મિનિસ્ટરના સંમેલનમાં ગિગ વર્કર્સને પણ સામાજિક સુરક્ષાના દાયરા હેઠળ લાવવાની વાત કરી હતી.

# આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત અને ફ્રાન્સની મિત્રતા અજોડ છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



વિશ્વભરમાં ભારતની રાજનીતિની પ્રશંસા થાય છે કારણ કે ભારતની રાજનીતિ બેલેન્સ છે તે તમામ દેશો સાથે સુમેળ જાળવવાના પ્રયાસો કરે છે.

ભારતની વિદેશ નીતિની એ વિશેષતા રહી છે કે તેણે એકબીજાથી વિરોધી વિચાર ધરાવતા દેશો વચ્ચે પણ સંતુલન જાળવીને મિત્રતા કરી છે. ભારત રશિયા સાથે મિત્રતા ધરાવે છે સાથોસાથ અમેરિકાને પણ પોતાની પાસે ખાસ મિત્રની જેમ રાખે છે આ તમામમાં ભારત અને ફ્રાન્સની મિત્રતા સદીઓ જૂની છે.

ભારત અને ફ્રાન્સ વચ્ચે સાંસ્કૃતિક સંબંધ સદીઓ જૂનો છે. મિત્રતાના પાયામાં બંને દેશોની સાંસ્કૃતિક એકતા મહત્વનો ભાગ ભજવે છે. કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે ભારત અને ફ્રાન્સ સમાનતા ધરાવે છે પરંતુ તેની સામે અમેરિકા સાથે સાંસ્કૃતિક ગઠબંધન ફ્રાન્સ જેટલું જૂનું અને નવીનતા પૂર્ણ નથી. અમેરિકનો પોતાને સર્વ સત્તાધીશ સમજે છે, સુપર પાવર સમજે છે.

ફ્રાન્સના ભૂતપૂર્વ પ્રમુખ ચાર્લ્સ ડી દ ગોલે કહ્યું હતું, 'અમેરિકનો તેઓ વિચારી શકે તેવી તમામ મૂર્ખતાઓ કરે છે, જેમાંની કેટલીક તો કલ્પના બહારની હોય છે'. તેમના શબ્દો પહેલાં કરતાં પણ વધુ સાચા પડી રહ્યા છે. આપણે જોઈએ છીએ કે યુએસ એક સાથે પરમાણુ હથિયાર ધરાવતા રશિયા સામે પ્રોક્સી યુદ્ધ, ઔદ્યોગિક પાવરહાઉસ ચીન સામે વેપાર અને તકનીકી યુદ્ધ અને મધ્ય-પૂર્વમાં પણ સંભવિત વિનાશક યુદ્ધ તરફ આગળ વધી રહ્યું છે. એકધ્રુવીયતાને મજબૂત કરવાને બદલે યુએસ ફ્રાન્સ અને ભારત જેવા સાથીઓને પણ દૂર કરી રહ્યું છે. ભારતના પ્રજાસત્તાક દિવસની પરેડમાં હાજરીથી બિડેનની છેલ્લી ઘડીએ પીછેહઠ આ વલણ સાબિત કરે છે.


નેપોલિયનના સમય પછી ફ્રાન્સની શક્તિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, છતાં તે સતત સ્વતંત્ર વિચારો પ્રદર્શિત કરતું રહ્યું છે, જેનું સૌથી મોટું ઉદાહરણ એ છે કે ૧૯૬૪માં પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાને માન્યતા આપતા પ્રેસિડેન્ટ ડી ગોલે ૧૯૬૬માં નાટો દળોને ફ્રાન્સમાંથી બહાર કાઢ્યા હતા. ફ્રાન્સ પછીથી નાટોમાં ફરી જોડાયું અને હવે તે G૭નું વિશ્વસનીય સભ્ય છે, છતાં પણ તેણે પોતાનું આક્રમક વલણ છોડ્યું નથી. વધુ મહત્ત્વની વાત એ છે કે, ભારત એ સમજે છે કે ભવિષ્ય પૂર્વના દેશોનું છે. પશ્ચિમી અર્થવ્યવસ્થાઓ ધીરે ધીરે સંકોચાઈ રહી છે અને પૂર્વીય દેશો વિકાસ પામી રહ્યા છે. વિશ્વનાં આર્થિક, તકનીકી, ભૌગોલિક અને લશ્કરી કેન્દ્રો એશિયા તરફ પાછાં ફરી રહ્યાં છે. ઈતિહાસ જોઈએ તો લગભગ વર્ષો સુધી, ચીન અને ભારત વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ હતી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ, ઈમેન્યુઅલ મેક્રોન, આ વર્ષે ભારતના પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિ હતા. ૨૦૧૮ પછી આ તેમની ત્રીજી મુલાકાત હતી. જુલાઈ, ૨૦૨૩માં ફ્રાન્સના 'બેસ્ટિલ ડે'માં મુખ્ય અતિથિ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતના છ મહિનામાં બંને દેશો વ્યૂહાત્મક ભાગીદારી તરફ આગળ વધી રહ્યા છે. ૧૯૯૮માં ભારતે ફ્રાન્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારી શરૂ કરી ત્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ જેક શિરાક પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ હતા. એક મહત્ત્વપૂર્ણ નિવેદનમાં તેમણે કહ્યું હતું કે વૈશ્વિક પરમાણુ શક્તિમાં ભારતનું બાકાત રહેવું એક વિસંગતતા છે જેને સુધારવાની જરૂર છે. ભારતના પ્રથમ અણુ ધડાકાને યાદ કરીએ તો ભારતે મે, ૧૯૯૮માં તેના પરમાણુ પરીક્ષણો હાથ ધર્યા અને પોતાને પરમાણુ હથિયાર ધરાવતો દેશ જાહેર કર્યો ત્યારે અન્ય દેશોની સરખામણીમાં, ફ્રાન્સ ભારત સાથે સંવાદ શરૂ કરનાર પ્રથમ દેશ હતો. યુએન સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક માટે ભારતના દાવાને સમર્થન આપનારો તે પહેલો P-૫ દેશ હતો. ભારતે સંરક્ષણ ક્ષેત્રે જે પગલા પાડ્યા છે તેનો ફ્રાન્સે વિરોધ કર્યો નથી. ભારત અને ફ્રાન્સે પોતપોતાની રીતે વ્યૂહાત્મક સ્વાયત્તતાને મહત્ત્વ આપ્યું છે. ભારતે બિનજોડાણવાદ અપનાવ્યો. બીજા વિશ્વયુદ્ધ પછી, ફ્રાન્સ ૧૯૪૯માં નાટોના સ્થાપક સભ્યોમાંનું એક હતું અને નાટોનું મુખ્ય મથક ફ્રાન્સમાં હતું. ફ્રેન્ચ સાર્વભૌમત્વને મંદ પાડે એવાં અમેરિકન નિયંત્રણ ચાર્લ્સ ડી ગોલને મંજૂર નહોતાં, પરિણામે નાટોને તેનું મુખ્ય મથક બ્રસેલ્સમાં ખસેડવાની ફરજ પડી. શીતયુદ્ધ પછી, ભારત અને ફ્રાન્સ બંને દેશોએ બહુધ્રુવીયતાનો માર્ગ પકડ્યો. તેનો અર્થ એવો થાય કે ભારતે માત્ર એક દેશ સાથે જ નહીં પરંતુ એકબીજા વિરોધી છાવણીમાં હોય તેવા સાથે પણ સંબંધો કેળવ્યા તેને બહુ ધ્રુવિતાનો માર્ગ કહેવામાં આવે છે પણ એ જ રસ્તો અપનાવ્યો છે.

> પાકિસ્તાનમાં લોકશાહીની હત્યા થઈ તે વસ્તુ પર ભારત અને ફ્રાન્સે કોઈ પ્રતિક્રિયા હજુ આપી નથી પરંતુ અમેરિકા અને બ્રિટને આ બાબતમાં પોતાની પ્રતિક્રિયા જાહેર કરી છે. આમ જોઈએ તો ભારત તરત જ પોતાના રિએક્શન આપવામાં માનતું નથી ફ્રાન્સ પણ એવું જ વલણ ધરાવે છે. ભારત અને ફ્રાન્સની આ એક વિશેષતા છે.

ઈતિહાસ ફરી એકવાર પુનરાવર્તન પામે છે. યુરો-એટલાન્ટિકથી એશિયા-પેસિફિક તરફ સ્થળાંતરિત થતા ભૂરાજકીય ફોકસને ફ્રાન્સે સમયસર પારખ્યું છે અને આ ક્ષેત્રમાં ભારતને પોતાના ભાગીદાર તરીકે પસંદ કર્યું છે.

ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની ક્ષમતા ધરાવે છે અને એ રીતે, નવી દુનિયાના મુખ્ય ધ્રુવોમાંનું એક છે. ભારતને પોતાના વિકાસની ગતિ ચાલુ રાખવા માટે રશિયા અને મધ્ય-પૂર્વના ઊર્જાસ્ત્રોતો, ચીનનું ઉત્પાદન અને અન્ય તકનીકોનું જ્ઞાન તેમજ વૈશ્વિક દક્ષિણ સાથેના વેપારની જરૂર છે. આગામી સમયમાં **BRICS**નું વિસ્તરણ ચાલુ રહેશે, જે યુએસ ડોલર અને **SWIFT** સિસ્ટમથી સ્વતંત્ર નવી નાણાકીય વ્યવસ્થા બનાવશે. આમ બિન-જોડાણવાદની નીતિ ભારતની વ્યૂહાત્મક આવશ્યકતા છે. ૧૯૯૮માં ભારત-ફ્રાન્સ વચ્ચે સ્થપાયેલ પરમાણુ સંવાદ આજે વ્યૂહાત્મક સંવાદમાં પરિણમ્યો છે. બહુધ્રુવીય વિશ્વમાં પદાર્પણ કરી વિકાસ સાધવા ભારત અને ફ્રાન્સ માટે જરૂરી છે.

## શબ્દ સંજોગ-૧૭૪૮



**આડી ચાવી :**
(૧)વિરુધ્ધ, વિપરીત (૩)
(૨) પાંખોવાળી દેવતાઈ સુંદરી(૨)
(૩)એક ખૂણો (૩)
(૪) મોટા કદ અથવા આકૃતિવાળુ (૪)
(૮) ઉપદેશ, જ્ઞાન (૨)
(૯) સહાય, ઉત્તમ, કંસ (૨)
(૧૨) તપેલું કે તપાવેલુ (૨)
(૧૩) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૧૪) ત્રણ રંગનું (૩)
(૧૫) સાધી શકાય તેવું (૨)
(૧૭) આસ્થા, શ્રધ્ધા (૩)
(૧૮) ભમરો, કોકિલ (૪)
(૨૦) પવનનો પર્યાય થયો (આ.અ.) (૩)
(૨૨) પાંગળુ, કોઈ અંગની ખોડવાળુ (૩)
(૨૩) સૂર્ય, રવિ (૨)
(૨૫) એક ચોઘડિયું (૨)

**ઉભી ચાવી :**
(૧) ઉચું કરેલું, ઉન્નત (૨)
(૨) ખાંડણીનો દસ્તો (૩)
(૪) પાસે, નજીક (૨)
(૫) દરેક ઘરને હોય (૨)
(૬) સરસ્વતી (૩)
(૭) ટોણો, મહેણું (૨)
(૯) ઈશારો, સમજણ (૨)
(૧૦) એક હિંસક પશુ (૨)
(૧૧) ધર્મ બદલવો તે (૪)
(૧૩) બાજુ, વસ્તુનો છેડો (૨)
(૧૫) એક વેદ (૨)
(૧૬) રંગવાની મજૂરી (૩)
(૧૮) વચ્ચેનું, વચલો ભાગ (૨)
(૧૯) જુલમ, પજવણી (૨)
(૨૧) રાતો મણિ (૩)
(૨૩) સોળે સાન ને વીસે...... (૨)
(૨૪) વસંત પંચમી આ નામે પણ ઓળખાય છે. (૫)
(૨૬) કાથી-ભીંડી-ખજૂરીનાં પાંદડા વગેરેની ખાટલો ભરવામાં વપરાતી દોરી (૨)
(૨૭) .............. કરદી આપને (૨)
(૨૮) માછલાં પકડવાનો આંકડો (૨)

## શબ્દ સંજોગ-૧૭૪૭ જવાબ

**આડી ચાવી :** (૧) અરીસો (૩) ભાર્ગવ (૬) પારણું (૭) સાથીયો (૮) પોત (૯) ટકો (૧૧) હરખ (૧૩) શિથિલ (૧૪) રામાયણ (૧૫) પોષ (૧૬) કરજ (૨૧) મે (૨૧) લિબાસ (૨૩) અંતર (૨૫) નંગ (૨૬) લૌકિક (૨૭) જરા.
**ઉભી ચાવી :** (૧) અણવટ (૨) સોપારી (૩) ભાણું (૪) વસાત (૫) પ્રયોગ (૮) પોખરાજ (૧૦) કોશિષ (૧૧) હલક (૧૨) પ્રયત્ન (૧૫) પોપલિન (૧૭) રથ (૧૮) પ્રાસ (૧૯) નત (૨૨) બાગ (૨૩) અંક (૨૪) રજ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૫૦ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૫૩૪ | ૬૧૩ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૫૦ |
| બાજરી | ૪૦૦ | ૪૫૦ |
| તુવેર | ૧૮૮૦ | ૨૦૧૨ |
| ચણા પીળા | ૧૦૨૦ | ૧૨૩૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૭૦૦ |
| અડદ | ૧૫૨૦ | ૧૯૦૦ |
| મગ | ૧૬૫૦ | ૨૦૪૦ |
| વાલ દેશી | ૧૫૦૦ | ૨૧૧૨ |
| મઠ | ૧૦૧૫ | ૧૧૬૫ |
| વટાણા | ૧૧૫૦ | ૧૪૪૦ |
| સીંગદાણા | ૧૬૩૦ | ૧૭૨૫ |
| મગફળી જાડી | ૧૦૮૦ | ૧૨૭૫ |
| મગફળી જીણી | ૧૧૦૧ | ૧૨૨૫ |
| અળશી | ૭૯૬ | ૭૯૬ |
| તલી | ૨૫૫૦ | ૩૧૦૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૬૫૦ |
| એરંડા | ૧૦૫૨ | ૧૧૨૬ |
| અજમો | ૧૭૯૯ | ૩૦૨૫ |
| સુવા | ૨૦૦૧ | ૨૦૦૧ |
| સોયાબીન | ૮૪૮ | ૮૭૨ |
| સીંગફાડા | ૧૧૨૦ | ૧૫૪૫ |
| કાળા તલ | ૨૮૨૦ | ૩૧૨૨ |
| લસણ | ૪૫૫૦ | ૬૧૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૭૨૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૪૦૦૦ |
| ધાણી | ૧૩૦૦ | ૨૧૫૦ |
| વરીયાળી | ૧૬૯૪ | ૧૬૯૪ |
| જીરૂ | ૫,૫૦૦ | ૭,૦૦૦ |
| રાય | ૧૧૧૦ | ૧,૩૫૦ |
| મેથી | ૯૫૦ | ૧૩૯૫ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૩૦૦ |
| રાયડો | ૮૭૫ | ૯૫૦ |
| રજકાનું બી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૪૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૧૭૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૫૦ |
| ટમેટા | ૩૨૦ | ૫૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૧૮૦ |
| શક્કરિયા | ૨૩૦ | ૪૫૦ |
| મૂળા | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૮૦ | ૧૮૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૩૦ |
| ફ્લાવર | ૨૪૦ | ૩૫૦ |
| ભીંડો | ૪૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૫૦૦ | ૯૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૧૦ |
| દુધી | ૭૦ | ૧૬૦ |
| કારેલા | ૩૦૦ | ૫૫૦ |
| સરગવો | ૩૨૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૨૦ | ૮૫૦ |
| પરવળ | ૭૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૫૦ | ૫૫૦ |
| ગાજર | ૧૨૦ | ૩૫૦ |
| વટાણા | ૪૩૦ | ૭૫૦ |
| તુવેરસીંગ | ૪૫૦ | ૭૫૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૩૦ |
| મેથી | ૮૦ | ૧૫૦ |
| વાલ | ૩૫૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૨૫૦ |
| આદુ | ૧૩૫૦ | ૧૭૫૦ |
| ચણા લીલા | ૧૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૮૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૫૦ |
| લસણ લીલું | ૧૧૫૦ | ૧૬૫૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૪૨ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૦૭ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૩૨૭૫ |
| તલ કાળા | ૨૪૪૪ | ૩૧૦૦ |
| તલ કાશ્મીરી | ૪૧૦૫ | ૪૧૬૫ |
| જુવાર | ૫૨૦ | ૮૨૬ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૧૧ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૮૧ |
| ચણા | ૯૦૩ | ૧૨૧૧ |
| તુવેર | ૧૨૮૦ | ૧૯૫૨ |
| કપાસ | ૧૦૫૪ | ૧૪૫૯ |
| એરંડા | ૧૦૧૦ | ૧૦૯૪ |
| જીરૂ | ૩૫૦૦ | ૬૧૯૦ |
| રાયડો | ૬૯૨ | ૯૦૦ |
| રાય | ૧૧૫૦ | ૧૨૭૨ |
| ધાણા | ૧૦૮૦ | ૧૨૩૮ |
| ધાણી | ૧૧૯૮ | ૧૫૭૫ |
| મેથી | ૬૩૦ | ૧૨૧૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૫ |
| મરચા લાંબા | ૧૦૪૦ | ૪૦૩૦ |
| **અમરેલ(શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૦૦ |
| રીંગણાં | ૧૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૬૦ |
| શક્કરિયા | ૨૪૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| ટામેટા | ૨૯૦ | ૪૫૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૪૦ |
| દૂધી | ૧૧૦ | ૨૨૦ |
| કારેલા | ૪૮૦ | ૬૨૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૧૧૦ | ૧૮૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૫૦ | ૧૨૪૦ |
| વાલોળ | ૩૫૦ | ૫૨૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૪૦૦ | ૫૦૦ |
| ચણા લીલા | ૭૧૦ | ૮૨૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૨૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૦૪૦ |
| કોથમીર | ૨૫૦ | ૪૫૦ |
| મેથીભાજી | ૧૭૦ | ૩૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૬૦૦ |
| બીટ | ૨૧૦ | ૩૦૦ |
| સરગવો | ૪૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૭૦ | ૧૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૬૦૦ | ૭૫૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૧૦ |
| ડુંગળી સૂકી | ૧૬૦ | ૨૫૦ |
| લસણ લીલું | ૧૬૦૦ | ૨૨૦૦ |
| લસણ સૂકું | ૪૦૦૦ | ૮૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૯૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ જીણી | ૮૩૦ | ૧૨૩૧ |
| શિંગ જાડી | ૮૮૦ | ૧૨૮૬ |
| તલ | ૨૫૫૦ | ૨૮૫૦ |
| તલ કાળા | - | - |
| જીરૂ | ૫૭૦૦ | ૬૧૦૦ |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૭૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૯૬ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૦ |
| બાજરો | ૩૫૦ | ૫૨૫ |
| અડદ | ૧૪૦૦ | --- |
| ચણા | ૧૦૭૫ | ૧૨૪૩ |
| દેશીચણા | ૧૩૦૦ | ૧૫૬૪ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૫૦ |
| રાયડો | ૮૦૦ | ૯૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૬૦૮ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૧ |

| | | |
|---|---|---|
| **બાબરા** | | |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૬૪ |
| મગફળી | ૧૧૮૮ | ૧૧૯૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૬૦ |
| સોયાબીન | ૮૧૫ | ૮૨૫ |
| તુવેર | ૧૬૧૦ | ૧૮૭૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૫૪ | ૧૪૩૨ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૪૫૨ |
| મગફળી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ઘઉં | ૪૪૧ | ૫૩૭ |
| ચણા | ૧૦૪૫ | ૧૧૫૧ |
| ધાણા | ૧૦૨૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૩૫ | ૧૩૦૩ |
| મગફળી ૩૨ નં. | ૧૧૫૦ | ૧૨૩૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૪૩ | ૫૨૫ |
| ઘઉ નવા | ૪૪૦ | ૫૯૭ |
| રાયડો | ૮૨૫ | ૯૭૭ |
| તુવેર | ૧૫૫૦ | ૧૮૮૦ |
| જુવાર | ૫૫૫ | ૮૩૨ |
| કાંગ | ૧૦૪૦ | ૧૨૫૨ |
| એરંડી | ૧૦૧૧ | ૧૧૧૧ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૯૮ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૯૧૨ |
| સોયાબીન | ૮૪૦ | ૮૯૪ |
| કપાસ | ૧૧૨૭ | ૧૪૧૨ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૮૦ | ૧૨૩૧ |
| શીંગ જી-૨૦ | ૧૧૭૦ | ૧૨૯૧ |
| એરંડા | ૧૦૯૧ | ૧૦૯૧ |
| જુવાર | ૪૦૦ | ૯૭૪ |
| બાજરી | ૪૩૯ | ૫૩૦ |
| ઘઉ ટુકડા | ૪૦૦ | ૬૬૧ |
| અડદ | ૧૫૫૨ | ૧૫૫૨ |
| મગ | ૮૯૦ | ૨૦૫૦ |
| સોયાબીન | ૭૨૦ | ૮૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૫૨૨ |
| તલ સફેદ | ૨૪૬૦ | ૨૯૧૨ |
| તલ પુરબીયા | ૩૮૩૦ | ૩૯૯૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૯૨૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૮૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૯૯ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૩૪૪ |
| નાળીયેર | ૫૨૧ | ૧૫૪૮ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૩૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૭૨૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૯૭૮ |
| મગફળી | ૭૭૫ | ૧૨૫૦ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તલ | ૧૭૪૦ | ૨૮૨૫ |
| મેથી | ૭૫૦ | ૭૫૦ |
| ધાણા | ૮૦૦ | ૧૩૪૪ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૮ |
| જીરૂ | ૭૬૫૧ | ૭૬૫૧ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૧૦ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૦૦ |
| કપાસ | ૧૦૦૧ | ૧૪૫૧ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૨૯૧ |
| મગફળી જાડી | ૭૧૧ | ૧૨૭૬ |
| શીંગ ફાડા | ૯૦૦ | ૧૫૭૧ |
| એરંડા | ૧૦૭૧ | ૧૧૧૬ |
| તલ | ૨૫૦૦ | ૩૧૫૧ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૧૧૧ |
| જીરૂ | ૫૦૦૦ | ૬,૩૨૧ |
| નવું જીરૂ | ૫૪૦૦ | ૭૦૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૨૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૭૧ |
| ધાણા નવા | ૧૦૦૧ | ૨૧૫૧ |
| ધાણી નવી | ૧૦૫૧ | ૩૧૫૧ |
| મરચા | ૯૫૧ | ૪૩૦૧ |
| લસણ | ૨૫૪૧ | ૮૪૭૧ |
| નવું લસણ | ૧૭૯૧ | ૫૮૫૧ |
| ડુંગળી | ૬૧ | ૨૫૬ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૫૧ |
| બાજરો | ૩૬૧ | ૪૯૧ |
| જુવાર | ૫૮૧ | ૮૧૧ |
| મકાઈ | ૪૭૧ | ૫૩૧ |
| મગ | ૧૪૦૦ | ૨૦૬૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૩૩૧ |
| વાલ | ૬૦૧ | ૨૨૬૧ |
| અડદ | ૧૮૦૧ | ૧૮૪૧ |
| ચોળા/ચોળી | ૪૨૬ | ૧૯૦૧ |
| મઠ | ૧૦૫૧ | ૧૦૯૧ |
| તુવેર | ૧૨૯૧ | ૨૦૪૧ |
| રાજગરો | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૭૬૧ | ૮૭૬ |
| રાયડો | ૯૧૧ | ૯૬૧ |
| રાઈ | ૯૨૧ | ૧૩૬૧ |
| મેથી | ૯૯૧ | ૧૨૦૧ |
| કળથી | ૬૦૧ | ૬૦૧ |
| ગોગળી | ૯૧૧ | ૧૦૯૧ |
| ચણા સફેદ | ૧૨૦૧ | ૨૬૭૬ |

| | | |
|---|---|---|
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૬૫ | ૧૪૩૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૨૬ |
| જુવાર સફેદ | ૮૧૬ | ૮૧૬ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| રાજગરો | ૧૪૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૬૦૧ | ૧૬૦૧ |
| સોયાબીન | ૭૭૧ | ૮૧૧ |
| ઘઉં | ૩૮૧ | ૩૮૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૪૭૭ |
| ચણા | ૮૧૦ | ૧૦૩૫ |
| તુવેર | ૧૧૩૦ | ૧૭૯૦ |
| ઘઉં લોકવન | ૪૫૭ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૮૭ | ૫૪૨ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૧૭ |
| તલ સફેદ | ૨૨૬૫ | ૨૫૬૫ |
| મેથી | ૮૨૫ | ૮૨૫ |
| **રાજુલા** | | |
| શિંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ | ૨૭૫૦ | ૩૦૦૦ |
| તલ પીળા | ૪૦૪૧ | ૪૦૪૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૪ |
| બાજરો | ૪૭૧ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૦ |
| જુવાર | ૫૦૦ | ૮૪૦ |
| મગ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| તુવેર | ૧૬૧૦ | ૧૮૭૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૩ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૦૦ | ૧૫૧૦ |
| બાજરો | ૩૫૦ | ૪૫૫ |
| ઘઉં | ૪૪૦ | ૫૫૭ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૬૫ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૪૦ |
| મઠ | ૧૦૦૦ | ૧૦૪૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ચણા | ૧૦૮૦ | ૧૬૦૧ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| એરંડા | ૧૦૮૫ | ૧૧૧૦ |
| રાયડો | ૮૫૦ | ૯૯૦ |
| રાઈ | ૧૦૧૦ | ૧૨૯૦ |
| લસણ | ૪૦૦૦ | ૬૭૫૦ |
| જીરૂ | ૪,૫૦૦ | ૬,૨૩૫ |
| અજમો | ૨૨૫૦ | ૪૭૭૫ |
| ધાણા | ૯૦૦ | ૧૩૩૦ |
| મરચા સૂકા | ૧૩૦૦ | ૪૧૪૦ |
| ડુંગળી | ૪૦ | ૨૯૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સમસ્ત કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજ દ્વારા નિર્મિત

# નવી મુંબઈના ખારઘરમાં નરેશભાઈ પટેલના હસ્તે લેઉવા પાટીદાર સમાજવાડીનું ઉદ્‌ઘાટન

વાગડના લેઉવા પાટીદારોએ આપણી ગામઠી સંસ્કૃતિનો પાયો હજુ પણ જાળવી રાખ્યો છે: નરેશભાઈ પટેલ

નવી મુંબઈ, તા.૧૨

મૂળ કચ્છ વાગડનાં અને હાલ મહારાષ્ટ્રના નવી મુંબઈમાં વસતાં સમસ્ત કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજ દ્વારા નવી મુંબઈના ખારઘરમાં સરસ્વતી કોલેજ રોડ પર ઉત્સવ ચોકની બાજુમાં નૂતન સમાજવાડીનું નિર્માણ કરાયું છે. ૧૧ ફેબ્રુઆરી ને રવિવારના રોજ ખારઘર ખાતે નૂતન સમાજવાડીનો શુભ ઉદ્‌ઘાટન સમારોહ અને રવેચી માતાજીના મેળાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલનાં હસ્તે નૂતન સમાજવાડીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન પ્રસંગે નરેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, આજથી થોડા વર્ષો પહેલા આ વાગડ લેઉવા



પટેલ સમાજ ખેતી કરતો હતો અને ખેતી કરતાં કરતાં મુંબઈ આવીને અન્ય સમાજને ઉદાહરણ પૂરું પાડે તેવું સારું કાર્ય કરી રહ્યો છે તે બદલ આખા વાગડ લેઉવા પટેલ સમાજને અભિનંદન પાઠવું છું. વાગડના લેઉવા પાટીદારોએ આપણી ગામઠી સંસ્કૃતિનો પાયો હજુ પણ જાળવી રાખ્યો છે. નૂતન સમાજવાડીના ઉદ્‌ઘાટન પ્રસંગે નરેશભાઈ પટેલ, પનવેલના ધારાસભ્ય પ્રશાંત ઠાકુર, રાપરના પૂર્વ ધારાસભ્ય સંતોકબેન બચુભાઈ આરેઠીયા, ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી બચુભાઈ ધરમશીભાઈ આરેઠીયા, અંબાવીભાઈ ધરમશીભાઈ વાવીયા, સામાજિક અગ્રણી દિનેશભાઈ વાવીયા અને મનજીભાઈ ગજેરા સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં નવી મુંબઈમાં રહેતા કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અબુધાબીના BAPS મંદિરમાં વિશ્વ સંવાદિતા યજ્ઞમાં હજારો ભક્તો ઉત્સાહભેર જોડાયા

અમદાવાદ, તા.૧૨

૧૧ ફેબ્રુઆરીના રોજ પ્રાતઃ કાળે સમગ્ર વિશ્વમાં સંવાદિતા અને શાંતિ સ્થપાય તેવા શુભ સંકલ્પો સાથે ૯૮૦ કરતાં વધુ ભક્તો, ભાવિકો વૈદિક 'વિશ્વ સંવાદિતા યજ્ઞ'માં જોડાયા હતા. BAPS હિન્દુ મંદિર, અબુધાબીના ૧૪ ફેબ્રુઆરીના રોજ થનાર ઐતિહાસિક ઉદ્દઘાટન નિમિત્તે આયોજિત પ્રેરણાદાયી કાર્યક્રમોની વિશિષ્ટ શૃંખલા 'ફેસ્ટિવલ ઓફ હાર્મની' અંતર્ગત આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું



હતું. ભક્તો-ભાવિકો આજના યજ્ઞ વિધિ પ્રસંગે યજમાન પદે માંગલિક વસ્ત્રોમાં સજ્જ થયા હતા. ભારતથી પધારેલા સાત નિષ્ણાત પૂજારીઓએ આ યજ્ઞમાં પ્રાચીન વૈદિક વિધિ વિધાન દ્વારા સર્વે યજમાનોને આહુતિ અને વેદમંત્રો દ્વારા પવિત્ર વિચારો અને સદગુણી જીવન માટે પ્રતિબદ્ધ કર્યા હતા. પૂજારીઓની સાથે સાથે ૨૦૦ જેટલાં સ્વયંસેવકો યજ્ઞવિધિનું સંચાલન કરવામાં સહભાગી થયા હતા.

# દિવ-તડ રોડ પર બે બાઈક વચ્ચે અકસ્માત, બાઈક ચાલકોને ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા

ઉના, તા.૧૨

ઉના દીવ રોડ પર અકસ્માતોની ઘટના અવારનવાર બનતી હોય છે જેમાં અનેક લોકોને ઈજા તો કેટલીક અકસ્માતની ઘટનામાં મૃત્યુ પણ થયાં છે. ત્યારે દિવથી તડ ગામ તરફ આવતી બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકોને ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે



તસવીર : કૈલાશ ભટ્ટ

હોસ્પિટલમાં ખસેડાયેલ હોવાનું જાણવા મળેલ છે. દિવથી તડ રોડ પર બે બાઈક વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બન્ને બાઈક ચાલકો રસ્તા પર જ ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં બાઈક ચાલકોને ઈજા પહોંચી હતી જેમાં એક વ્યક્તિને વધુ ઈજા થઈ હોવાનું જાણવા મળેલ છે. જોકે આ અકસ્માત થતાં રસ્તા પરથી પસાર થતા લોકો ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત સ્થળ પર પહોંચેલી પોલીસે તપાસ કરતા બાઈકમાંથી દારૂની બોટલ મળી આવી હતી.

# લીલીયા પ્રગતિ સેવિંગ્સ બેંક દ્વારા કૌશલ્ય વિકાસ મહોત્સવ યોજાયો

દિલીપભાઈ સંઘાણીના ૭૦મા વર્ષની ઉજવણીના ભાગરૂપે આયોજન

લીલીયા,તા.૧૨

લીલીયા મોટા પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડિટ કો. ઓ. સોસાયટી દ્વારા સહકારી આગેવાન દિલીપભાઈ સંઘાણીના ૭૦મા વર્ષની ઉજવણીના ભાગરૂપે કૌશલ્ય વિકાસ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. આ



તકે કાર્યક્રમના મુખ્ય મહેમાન PGVCLના નાયબ કાર્યપાલક ઈજનેર ભવાનીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ ત્યારબાદ સંસ્થાના ચેરમેન ભાવેશભાઈ રાદડિયાએ આમંત્રિત મહેમાનો અને વિવિધ સ્પર્ધામાં ભાગ લેનાર છાત્રોને માર્ગદર્શન અને શિક્ષકોનું શાબ્દિક સન્માન કરી સંસ્થાનો પ્રગતિ અહેવાલ આપ્યો હતો. તાલુકાની ૪૦ શાળાઓમાં મહોત્સવ યોજવામાં આવેલ જેમાં ધોરણ છ થી આઠના ૪૦૦ જેટલા છાત્રોએ વિવિધ સ્પર્ધાઓમાં શાળા કક્ષાએ ભાગ લીધો હતો. ભાવેશભાઈ રાદડિયા તથા ડાયરેક્ટરો દ્વારા સ્પર્ધામાં વિજેતા થનાર ૧૬ છાત્રોને રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા.

# ધોરાજીનાં ભાદર કાંઠા વિસ્તારમાંથી દારૂનાં મોટા જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

ધોરાજી, તા.૧૨

ધોરાજીમાંથી નશાકારક સીરપ ઝડપાયા બાદ હવે દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. ધોરાજી તાલુકા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફને પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમીના આધારે પીએસઆઈ ડી.એચ.રાખોલીયા, પરબતભાઈ શામળા, ભવદીપ સિંહ સહિતના પોલીસ સ્ટાફે ભાદર નદીકાંઠા વિસ્તારમાં દરોડા પાડીને ઝાડી ઝાંખરામાં પડેલો તથા આરોપી પરબત સરમણનાં કબ્જામાંથી ૮૮૪ બોટલ ઈંગ્લીશ દારૂનો જથ્થો કિંમત રૂ. ૧,૩૨,૬૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી



આરોપી પરબત સરમણ રબારી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધોરાજી- જૂનાગઢ સ્ટેટ હાઈવે રોડ છેલ્લા ૩ વર્ષથી બિસ્માર હાલતમાં

ધોરાજી, તા.૧૨

ધોરાજીથી જૂનાગઢ જતો સ્ટેટ હાઈવે છેલ્લા ૩ વર્ષથી બિસ્માર હાલતમાં છે. આ રોડ ઉપર સાઈકલ ચલાવવી પણ ભારે મુશ્કેલ છે. આટલો ખરાબ રસ્તો હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી અને ધોરાજીના રાજકીય આગેવાનો મૌન બેઠા છે. ધોરાજીના પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસના પ્રમુખ લલિત વસોયાએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવેલ કે છેલ્લા ૩ વર્ષથી આ રસ્તો ખરાબ



તસવીર : નયન કુહાડિયા

છે અનેક વખત રાજ્ય સરકારમાં રજૂઆત કરવા છતાં પણ તાત્કાલિક ધોરણે કામ થતું નથી જે અંગે તાત્કાલિક કાર્યવાહી થાય અને રાજકોટ જિલ્લાની હદ સુધીનો રોડ નવો બની જાય તે બાબતે ફરી હું રજૂઆત કરું છું. જો તાત્કાલિક રોડ રસ્તા રીપેર કરવામાં નહીં આવે તો નાછૂટકે આંદોલન કરવાની ફરજ પડશે. મહત્વની બાબત એ છે કે ગયા વર્ષે ૨૦૨૨માં રાજ્ય સરકાર દ્વારા નવરાત્રી પૂર્વે તમામ રોડ રસ્તાઓ તાત્કાલિક રીપેર કરવા માટે ૫૦૦ કરોડનું બજેટ ફાળવ્યું હતું અને નવરાત્રી પહેલા તમામ રસ્તા સરખા કરવાની જવાબદારી માર્ગ અને મકાન વિભાગને સોંપવામાં આવી હતી. પરંતુ રાજકોટ જિલ્લાની હદ વાળો ૧૦ કિલોમીટરનો રોડ છેલ્લા ૨ વર્ષથી બન્યો નથી તે બાબતે પ્રજામાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

### સરકારે રૂપિયા મંજૂર કર્યા છતાં કામ શરૂ ન થયું

ધોરાજી શહેરમાંથી પસાર થતા માર્ગ અને મકાન વિભાગના ચાર મહત્વના રસ્તાઓ છે જેમાં ધોરાજી જેતપુર રોડ, જમનાવડ રોડ, ઉપલેટા રોડ અને જૂનાગઢ રોડ આ ચારેય માર્ગો રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ હેઠળ આવતા હોય છે અને ધોરાજી શહેરમાંથી પસાર થાય છે. છેલ્લા ૩ વર્ષથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે. દર વર્ષે આ રસ્તામાં એટલા ખાડાઓ પડે છે કે લોકો ચાલી પણ શકતા નથી. જ્યારે જ્યારે પેવરનું કામ થાય ત્યારે માત્ર ત્રણ ચાર મહિના માટે જ ચાલે છે અને ફરી એ જ રસ્તા ખરાબ હાલતમાં થઈ જાય છે. આ બાબતે ધોરાજીમાં અનેક વખત અનેક વિસ્તારોમાં મહિલાઓ તથા પુરુષોએ ચક્કાજામ કર્યા છે છતાં પણ તંત્રની આંખ ઉઘડતી નથી.

# ઉનાના સૈયદ રાજપરા ગામ નજીક એક સિંહ પરિવાર જોવા મળતાં લોકોમાં ફફડાટ

ઉના, તા.૧૨

ઉના તાલુકાના દરિયાઈ કાંઠા વિસ્તારના જંગલમાં વન્ય પ્રાણીઓનો વસવાટ હોય અને નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર શિકારની શોધમાં સીમ વાડીમાં આવી ચઢતા હોય છે. ત્યારે ઉનાના સિમર અને સૈયદ રાજપરા ગામની વચ્ચે આવેલ શીતળા માતાજીના મંદિરની બાજુમાં મોડી રાત્રીના એક સિંહણ-સિંહ અને બે બચ્ચા સહિત સિંહ પરિવારે અહીં આંટાફેરા કર્યા હતાં. સિંહણ એક જગ્યા પર પોતાનું સ્થાન ગ્રહણ કરી બેસી ગઈ હતી. જે સમગ્ર ઘટનાનો વીડિયો સ્થાનિક લોકોએ મોબાઈલમાં કેદ કર્યો હતો. સ્થાનિક લોકોનું કહેવું છે કે સિમર, સૈયદ રાજપરા સહિતના આસપાસના ગામોમાં કાયમ માટે સાંજના ૭ વાગ્યા થી લઈને ૯ વાગ્યા



તસવીર : કૈલાશ ભટ્ટ

સુધીના સમયમાં શીતળા માતાજીની આજુબાજુમાં આખુ ગ્રુપ આવે છે અને અહીં આરામ ફરમાવે છે. જોકે દરિયાઈ કાંઠો જંગલ વિસ્તાર હોવાથી વન્ય પ્રાણીઓ શિકાર માટે નજીકનાં ગામોમાં નીકળી જતાં હોય છે. થોડા દિવસ પહેલા પણ ઉના ટીકરીયા ખારા વિસ્તારમાં સિંહે પરિવારે બે પશુના મારણ કર્યા બાદમાં તેમનાં બચ્ચાને લઈ આવી મારણની મિજબાની માણી હતી. જેથી આજુબાજુમાં રહેતા લોકોમાં ભય જોવા મળ્યો હતો.

# ઉના-ગીરગઢડા તાલુકાનાં ૫ ગામોમાં ૪૨.૫૨ લાખના વિકાસ કાર્યોનું ધારાસભ્યનાં હસ્તે ખાતમુહૂર્ત

ઉના, તા.૧૨

ઉના તથા ગીરગઢડા તાલુકાનાં પાંચ ગામોમાં લાખો રૂપિયાનાં વિકાસ કામોનું વિધિવત ખાતમુહૂર્ત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ઉના તાલુકાના લેરકા ગામે રૂ.૧૧ લાખના ખર્ચે મેટલ રોડનું કામ, રેવદ ગામે રૂ. ૯,૪૬,૪૧૭ લાખના ખર્ચે પેવર બ્લોકનું કામ, ભીંગરણ ગામે રૂ. ૮,૭૭,૧૩૦ લાખના



તસવીર : કૈલાશ ભટ્ટ

ખર્ચે મેટલ રોડનું કામ, તડ ગામે રૂ. ૬,૯૫,૪૧૨ લાખના ખર્ચે પી.એચ. સી. સેન્ટરમાં પેવર બ્લોકનું કામ, રાણવશી ગામે રૂ. ૬,૩૩,૨૭૦ લાખના ખર્ચે મેટલ રોડનું કામ આમ કુલ રૂ. ૪૨,૫૨,૨૨૯ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર મેટલ રોડ અને પેવર બ્લોકના કામોનું ખાતમુહૂર્ત ઉનાના ધારાસભ્ય કે.સી. રાઠોડનાં હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા સહિતનાં આગેવાનો અને લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે પશુ સારવાર કેમ્પનું આયોજન

અમરેલી,તા.૧૨

સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે પીડી લાઈટના સહયોગથી ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન અને ગ્રામ સેવા કેન્દ્ર ખડસલી દ્વારા પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તારીખ ૧૪/ ૨ /૨૦૨૪ ના રોજ ગુલાબસિંહના પ્લોટમાં સવારે ૯:૦૦ થી બપોરના ૧૨ કલાક સુધી સારવાર તેમજ નિદાન ઓપરેશન કરી ફ્રી દવા આપવામાં આવશે.

## નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,લાઠી મું.લાઠી

**જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૪૧/૨૩** **તા.૩૧/૧/૨૦૨૪**

વિવાદી:- શ્રી ઈબ્રાહિમભાઈ ઓસમાણભાઈ નાગાણી
રે .ઓકે મંજીલ, મોદી શેરી, ધાકાણ હોલ પાછળ, અમરેલી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચીફ ઓફીસરશ્રી
નગર પાલીકા, લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **અમરેલી** તાલુકાના **મોજે.અમરેલી** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **ઈબ્રાહિમભાઈ ઓસમાણભાઈ નાગાણીનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૫૯ રોજ મોજે,લાઠી,તા. લાઠી, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય,જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૨/૦૮/૨૩ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## -// સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //-

અપીલ રજી. નં.૧૮૦/૨૦૨૩

અરજદાર:- શ્રી અસગરઅલી રજબઅલી નગરીયા
રે. નવી વ્હોરાવાડ, અમરેલી, તા.જી. અમરેલી

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફીસરશ્રી, અમરેલી નગરપાલિકા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી અસગરઅલી રજબઅલી નગરીયાએ તેમના દાદા ઈસુફઅલી મુ.નથુભાઈ નગરીયાનું મરણ તા.૧૫/૦૮/૧૯૬૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૩/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી**

## -:જાહેર નોટીસ:-

આથી અમો નીચે સહી કરનાર- **એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ એલ.એલ.બી.,એડવોકેટ એન્ડ નોટરી)** પોલીસ સ્ટેશન સામે, લીલીયા મોટા, તા.લીલીયા, જિ.અમરેલી. ના અમોના અસીલોની સુચના તથા ફરમાઈશ મુજબ નીચે વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમોના અસીલો અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે પીપળવા ગામે ખેડૂત ખાતા નં.-૭૧૮ ની ખેતીના માલીક ૧. કમુબેન સામતભાઈ ડેર, ૨. શિલ્પાબેન સામતભાઈ ડેર, ૩ બાલીબેન સામતભાઈ ડેર, ૪. પારૂલબેન સામતભાઈ ડેર, ૫. રઘુભાઈ સામતભાઈ ડેર, ૬. પુનમબેન સામતભાઈ ડેરના સયુંકત નામે મોજે પીપળવા સર્વે.નં નવા ૨૩૭, જુના ૬૪ પૈકી ૧ થી હે.આરે.ચોમી. ૧-૪૪-૧૮ આકાર ૬.૪૫ તથા નવા સર્વે નં.૨૩૮ જુના સર્વે નં.૬૪ પૈકી ૧ હે.આરે.ચોમી. ૦-૦૬-૫૮ આકાર ૦.૩૦ તથા નવા સર્વે નં.૨૪૬ જુના સર્વે નં. ૬૪ પૈકી ૧ હે.આરે.ચોમી ૧-૦૦-૯૫ આકાર ૫.૭૫ તથા નવા સર્વે નં.૩૬૬ જુના સર્વે નં.૧૧૧/૧ હે. આરે. ચોમી.૧-૫૩- ૦૨, આકાર-૯.૦૫ વાળી ખેતીની જમીન

ઉપરોકત વિગતે જણાવેલ સર્વે નંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલો વેચાણથી ખરીદી કરી લેવા માંગતા હોય જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે. કે ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત, કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક્ક હિસ્સો સમાયેલા હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નિચેના સરનામે રજુ કરશો.

સદર હું ઉપરોકત જમીનમાં અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લીલીયા મોટા શાખાના રૂા.૧૪૦૦૦૦૦/-ના તારણમાં તથા અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લીલીયા મોટા શાખાના રૂા. ૨૦,૨૦,૦૦૦/-ના તારણમાં તેમજ દાડમા સેવા સહ.મં.લી. નો રૂા.૨૯,૫૦,૦૦૦/-નો બોજો આવેલ છે. તેમજ અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લીલીયા મોટા શાખાના રૂા. ૫,૨૫,૦૦૦/-ના તારણમાં બોજો આવેલ છે. આ સિવાય ઉપરોકત ખેતી જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં પંચાયત વિભાગમાં કે કોઈપણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દીન ૭ માં અમારો નિચેના સરનામે સંપર્ક કરવો જો તેમ નહી કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારા અસીલોની સુચના અને ફરમાઈશથી...

તારીખ:-૧૩-૨-૨૦૨૪
સ્થળ:- લીલીયા મોટા.

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**પોલીસ સ્ટેશન સામે,લીલીયા મોટા,જિ.અમરેલી**
**મો. ૯૮૯૮૩ ૧૩૮૯૪**

૫૦ હજાર પરિવારોમાં એવા લોકોનો સમાવેશ થશે જેમનું વીજળી બિલ દર મહિને ૩૦૦ યુનિટ અથવા તેનાથી ઓછું છે

# ૨૫ વર્ષ સુધી ૩૦૦ યુનિટ વીજળી મફત આપવાની રાજસ્થાન સરકારની યોજના

(એ.આર.એલ),જયપુર,તા.૧૨



રાજસ્થાનના લોકોને વીજળીનું બિલ ભરવાની ચિંતામાંથી મુક્તિ મળવા જઈ રહી છે. હવે લોકો ૨૫ વર્ષ સુધી દર મહિને ૩૦૦ યુનિટ વીજળીનો વપરાશ કરી શકશે અને આ માટે તેમણે કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. હાલમાં, ૩૦૦ યુનિટ વીજળીનો ઉપયોગ કરનારાઓએ લગભગ બે હજાર રૂપિયા ચૂકવવા પડે છે. તે પણ જ્યારે સરકાર રાહત દરે વીજળી આપી રહી છે. પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના હેઠળ રાજ્ય સરકાર ટૂંક સમયમાં લોકોના ઘરની છત પર સોલાર પેનલ લગાવવા જઈ રહી છે. આ માટે મકાન માલિક પાસેથી કોઈ રકમ લેવામાં આવશે નહીં. કેન્દ્ર સરકારની સૂર્યોદય યોજનાના અમલીકરણ માટે, રૂફટોપ સોલર વેબસાઈટ માટે નેશનલ પોર્ટલ પર તેની નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. બિકાનેરના અંદાજે ૫૦ હજાર પરિવારોને આનો લાભ મળશે. આ ૫૦ હજાર પરિવારોમાં એવા લોકોનો સમાવેશ થશે જેમનું વીજળી બિલ દર મહિને ૩૦૦ યુનિટ અથવા તેનાથી ઓછું છે. રાજસ્થાન વિધાનસભાના બજેટ સત્રમાં વોટ ઓન એકાઉન્ટ બજેટ રજૂ કરતી વખતે રાજ્યના નાણામંત્રી દિયા કુમારીએ જાહેરાત કરી હતી કે રાજ્યના લગભગ પાંચ લાખ પરિવારોને પ્રધાનમંત્રી સૂર્યોદય યોજનાનો લાભ આપવામાં આવશે.

# મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણે કોંગ્રેસમાંથી આપ્યું રાજીનામું

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૨



કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ચવ્હાણે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. સૂત્રોને ટાંકીને આ માહિતી સામે આવી છે. મળતી માહિતી મુજબ વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને મળ્યા બાદ રાજીનામાના સમાચાર છે. સૂત્રોનું માનીએ તો અશોક ચવ્હાણ ભાજપમાં જોડાઈ શકે છે. ચવ્હાણ મહારાષ્ટ્રના મરાઠા કોંગ્રેસના અગ્રણી નેતા છે અને મુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે.

લોકસભા ચૂંટણી પહેલા અશોક ચવ્હાણ જેવા વરિષ્ઠ કોંગ્રેસી નેતાનું રાજીનામું પાર્ટી માટે મોટો ફટકો હોવાનું કહેવાય છે. ચવ્હાણ પહેલા મુંબઈ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગાંધી પરિવારના નજીકના મિલિંદ દેવરાએ પણ રાજીનામું આપી દીધું છે. બાબા સિદ્દીકીના તાજેતરના રાજીનામાથી પાર્ટી હજુ એ ઝટકામાંથી બહાર નીકળી રહી હતી, ત્યાં સુધી અન્ય એક મોટા નેતાના રાજીનામાથી મહારાષ્ટ્રમાં પાર્ટીની મુશ્કેલીઓ વધી ગઈ છે. અશોક ચવ્હાણ ડિસેમ્બર ૨૦૦૮થી નવેમ્બર ૨૦૦૯ સુધી રાજ્યના મુખ્યમંત્રી હતા. ચવ્હાણ નવેમ્બર ૨૦૦૯થી નવેમ્બર ૨૦૧૦ સુધીના તેમના બીજા કાર્યકાળમાં મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. અશોક ચવ્હાણના પિતા પણ મુખ્યમંત્રી રહી ચુક્યા છે. ચવ્હાણના પિતા શંકર રાવ ચવ્હાણ એક વરિષ્ઠ નેતા હતા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

# બાંગ્લાદેશ પણ માલદીવના માર્ગે : રાજકીય પક્ષોએ ભારત વિરોધી અભિયાન ચલાવ્યું

(એ.આર.એલ),ઢાકા,તા.૧૨



માલદીવની જેમ બાંગ્લાદેશમાં પણ વિરોધ પક્ષોએ 'ઈન્ડિયા આઉટ'નું શરૂ કરેલું અભિયાન વેગ પકડે તે માટે પ્રયાસો થઈ રહ્યા છે, જે ભારત માટે ચિંતાની વાત છે. માલદીવમાં ઈન્ડિયા આઉટ કેમ્પેઈન ચલાવીને મહોમ્મદ મુઈજ્જુએ સત્તા મેળવી છે ત્યારે તેના જ પગલે ચાલીને બાંગ્લાદેશમાં બેગમ ખાલિદા ઝીયાની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી તેમજ બીજા પક્ષોએ પણ ભારત વિરોધી અભિયાન શરુ કરી દીધુ છે. વિરોધ પક્ષો હવે આ અભિયાનમાં એક ડગલુ આગળ વધ્યા છે અને તેમણે દેશમાં ભારતીય પ્રોડકટસનો બહિષ્કાર કરવા માટે એલાન આપ્યુ છે. ભારત માટે આ એલાન ખતરાની ઘંટડી સમાન છે. બાંગ્લાદેશમાં ગયા મહિને થયેલી ચૂંટણીમાં શેખ હસીના સતત ચોથી વખત જીત્યા હતા અને વડાપ્રધાન બન્યા છે. બાંગ્લાદેશમાં ઘણા લોકો એવા છે જે વિપક્ષના દાવાને સમર્થન આપી રહ્યા છે.

# દિલ્હીની એમિટી સ્કૂલમાં બોમ્બની ધમકી મળતા ખળભળાટ મચી ગયો

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, આરકે પુરમ સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી સ્કૂલને કોઈએ ઈ-મેઈલ દ્વારા આવી જ ધમકી આપી હતી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨




દિલ્હીના સાકેત સ્થિત એમિટી સ્કૂલમાં બોમ્બની ધમકીના કારણે ગભરાટ ફેલાયો હતો. સોમવારે સવારે ૯ વાગ્યાની આસપાસ સ્કૂલને ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. બોમ્બની માહિતી મળતાં જ સ્કૂલ પ્રશાસન એક્શનમાં આવી ગયું હતું. શાળા પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું. બોમ્બ સ્કવોડ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઈ-મેઈલમાં કહેવામાં આવ્યું છે કે ૧૩ ફેબ્રુઆરીએ તેમના પર બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે. આ સાથે પૈસાની પણ માંગણી કરવામાં આવી છે. સમગ્ર શાળાની તપાસ કરવામાં આવી હતી. હજુ સુધી કંઈ મળ્યું નથી. પોલીસ ટીમ સ્થળ પર છે. આ પહેલા ૨ ફેબ્રુઆરીએ દિલ્હીના આરકે પુરમ સ્થિત એક ખાનગી શાળામાં બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી હતી. આ પછી તરત જ શાળા પરિસરને ખાલી કરાવવામાં આવ્યું અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, આરકે પુરમ સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી સ્કૂલને કોઈએ ઈ-મેઈલ દ્વારા આવી જ ધમકી આપી હતી, જે પાછળથી અફવા સાબિત થઈ હતી. મથુરા રોડ પર સ્થિત દિલ્હી પબ્લિક સ્કૂલને પણ ગયા વર્ષે મે મહિનામાં આવો જ ઈ-મેઈલ મળ્યો હતો. તે સમયે પણ શાળામાં બોમ્બ હોવાના સમાચાર અફવા સાબિત થયા હતા.

# ચૂંટણી પંચે માત્ર અમારું ચૂંટણી ચિન્હ જ નહિ પાર્ટી પણ છીનવી લીધી : શરદ પવાર

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૨



એનસીપી નેતા શરદચંદ્ર પવારે ચૂંટણી પંચને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, 'ચૂંટણી પંચે પાર્ટીની સ્થાપના કરનારાઓના હાથમાંથી પાર્ટી છીનવી લીધી અને આ પાર્ટી અન્યને આપી દીધી. આવું પહેલા ક્યારેય બન્યું નથી. ચૂંટણી પંચે અમારું ચૂંટણી ચિન્હ તો છીનવી લીધું એટલું જ નહીં અમારી પાર્ટી પણ અન્યને સોંપી દીધી. નોંધનીય છે કે શરદ અને અજિત પવાર વચ્ચે મતભેદોને કારણે એનસીપીમાં બે જૂથો બન્યા હતા. એક જૂથ શરદ પવારનું હતું અને બીજું જૂથ અજિત પવારનું હતું. પરંતુ બાદમાં એનસીપી અને તેનું પ્રતીક અજિત પવાર પાસે ગયું. જ્યારે શરદ પવારને ચૂંટણી પંચ તરફથી નવું નામ મળ્યું છે. હવે તેઓ એનસીપી શરદચંદ્ર પવારના નામથી ઓળખાય છે. ઉલ્લેખનીય છે કે આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા શરદ પવારને ઝટકો આપતા ચૂંટણી પંચે અજિત પવારના જૂથને અસલી એનસીપી ગણાવ્યું હતું. આવી સ્થિતિમાં એનસીપીના નામ અને ચૂંટણી ચિન્હ બંને પર અજિત પવાર જૂથનો કબજો હતો.

# હલ્દવાનીના બાણભૂલપુરામાં કર્ફ્યુ યથાવત, વધુ ૨૫ તોફાનીઓની ધરપકડ

પોલીસ સ્ટેશનમાંથી લૂંટાયેલી ૭ પિસ્તોલ અને ૯૯ જીવતા કારતૂસ મળી આવ્યા

(એ.આર.એલ),નૈનીતાલ,તા.૧૨



હલ્દવાની હિંસા કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસ ટીમે ૨૫ વધુ બદમાશોની ઓળખ કરી છે અને તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી હથિયારોનો મોટો જથ્થો પણ કબજે કર્યો છે, જેમાં પોલીસ સ્ટેશનમાંથી લૂંટાયેલા કેટલાક કારતૂસ પણ સામેલ છે. આ હિંસામાં સામેલ આરોપીઓની ધરપકડ અંગે વાત કરતા નૈનીતાલના એસએસપીએ કહ્યું કે આરોપીઓ નૈનીતાલ જિલ્લામાંથી પણ પકડાયા છે. એસએસપી પ્રહલાદ મીણાએ કહ્યું કે ૨૫ આરોપીઓમાંથી મોટા ભાગના નૈનીતાલ જિલ્લામાંથી જ પકડાયા છે. આ આરોપીઓ પાસેથી પોલીસ સ્ટેશનમાંથી લૂંટાયેલી ૦૭ પિસ્તોલ, ૯૯ જીવતા કારતૂસ પણ મળી આવ્યા છે.

આ તમામ આરોપીઓ સ્થળ પર લાગેલા સીસીટીવીના આધારે ઝડપાઈ ગયા છે. આ બાણભૂલપુરા હિંસામાં અત્યાર સુધીમાં કુલ ૩૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે બાણભૂલપુરામાં અતિક્રમણ હટાવવા દરમિયાન બદમાશોએ પોલીસ પ્રશાસન, મહાનગરપાલિકા અને મીડિયા કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો, આગ લગાવી અને ફાયરિંગ કર્યું.

# મણિશંકર ઐયરને પાકિસ્તાની આદર સત્કાર પ્રત્યે પ્રેમ જાગ્યો, પ્રશંસા કરી

૨૦૧૪માં નરેન્દ્ર મોદી સરકાર બન્યા બાદ છેલ્લા ૧૦ વર્ષમાં કંઈક ખોટું થયું છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૨



કોંગ્રેસના નેતા હોવા ઉપરાંત, મણિશંકર ઐયરને એક વિદ્વાન તરીકે પણ ઓળખવામાં આવે છે જેમણે ઘણા દેશોમાં રાજદ્વારી તરીકે સેવા આપી છે. પૂર્વ ભારતીય રાજદ્વારી પાકિસ્તાનમાં રાજદૂત પણ રહી ચૂક્યા છે. પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી ૨૦૨૪ને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે, મણિશંકર ઐયરે આ દેશની આતિથ્યની ખૂબ પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે અન્ય કોઈ દેશમાં તેમનું આટલા ખુલ્લા દિલથી સ્વાગત કરવામાં આવ્યું નથી. તમને જણાવી દઈએ કે અય્યરે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના કાર્યકાળ દરમિયાન પાકિસ્તાનમાં રાજદ્વારી તરીકે સેવા આપી હતી.

પાકિસ્તાનથી પ્રકાશિત ડોન અખબારના અહેવાલ મુજબ, અય્યરે કહ્યું કે પાકિસ્તાન સાથે સંબંધિત તેમનો અનુભવ જરા અલગ છે. તેમણે કહ્યું, 'પાકિસ્તાનીઓ એવા લોકો છે જે કદાચ બીજી તરફ વધુ પડતી પ્રતિક્રિયા આપે છે. જો આપણે મૈત્રીપૂર્ણ વર્તન કરીએ છીએ, તો તેમની બાજુથી પણ ખૂબ મૈત્રીપૂર્ણ વર્તન છે. અય્યરના મતે, જો કોઈ પક્ષ પાકિસ્તાન પ્રત્યે દુશ્મનાવટભર્યું વર્તન કરે છે, તો પાકિસ્તાન તરફથી વધુ પ્રતિકૂળ અને આક્રમક જવાબ આવે છે. ડોનના અહેવાલ અનુસાર, કાર્યક્રમના બીજા દિવસે ભારત અને પાકિસ્તાનના સંબંધો પર ચર્ચા દરમિયાન તેમણે કહ્યું કે તેમને ક્યારેય એવા કોઈ દેશમાં જવાની તક નથી મળી જ્યાં તેમનું પાકિસ્તાનની જેમ ખુલ્લા હાથે અને ઉષ્માથી સ્વાગત કરવામાં આવ્યું હોય.

# અગાઉ યુવાનોની રોજગારીમાં પણ કૌભાંડો થયા હતા : યોગી આદિત્યનાથ

(એ.આર.એલ).મુઝફ્ફરનગર,તા.૧૨



લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ દ્વારા શુક્તતીર્થથી ગામ પરિક્રમા શરૂ કરવામાં આવી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ યાત્રાની શરૂઆત કરી હતી. ટ્રેક્ટર પૂજન પછી સીએમ યોગી આદિત્યનાથ જાહેર સભાના મંચ પર પહોંચ્યા અને બીજેપી નેતાઓ અને નજીકના વિસ્તારોના ખેડૂતોને શુભેચ્છા પાઠવીને તેમના સંબોધનની શરૂઆત કરી. આ પછી તેમણે રામ મંદિરના નિર્માણથી પોતાનું ભાષણ શરૂ કર્યું અને કહ્યું કે ૫૦૦ વર્ષનું આ સપનું પૂરું થયું છે, હવે દરરોજ લાખો ભક્તો અયોધ્યા પહોંચી રહ્યા છે. સીએમ યોગીએ કહ્યું કે ડબલ એન્જિન સરકાર જે કહે છે તે કરે છે. પહેલા મુઝફ્ફરનગરમાં રમખાણો થતા હતા જે ઘણા દિવસો સુધી ચાલતા હતા. ઘણા નેતાઓ જેલમાં પણ હતા. શું હવે કોઈ હંગામો કરી શકે? શેરડીના ભાવની બાકી રકમ અંગે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે અગાઉ સાત ટકા એરિયર્સ ચૂકવવામાં આવતા હતા પરંતુ હવે ૯૯ ટકા શેરડીની રકમ ચૂકવવામાં આવી રહી છે. ૧૧૯ ખાંડ મિલોમાંથી ૧૦૫ એવી છે જેણે ૧૦૦% ચુકવણી કરી છે.

# સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ તૂટ્યો, પીએસયુ અને નાના શેરમાં જોરદાર વેચવાલી

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૨



સોમવારે ભારતીય શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું હતું. તે જ સમયે, નાના શેર્સમાં જોરદાર વેચવાલી જોવા મળી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૭૩ ટકા અથવા ૫૨૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૧,૦૭૨ પર બંધ થયો હતો. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ નિફ્ટી ૦.૭૬ ટકા અથવા ૧૬૬ પોઈન્ટ ઘટીને ૨૧,૬૧૬ પર બંધ થયો હતો. બજાર બંધ સમયે, નિફ્ટી પેકના ૫૦માંથી ૩૪ શેર લાલ નિશાનમાં હતા. જ્યારે ૧૬ શેર લીલા નિશાન પર હતા.

સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે નાના શેરોમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. નિફ્ટીના સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સમાં આજે ૪.૦૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. તે જ સમયે, નિફ્ટી માઈક્રો કેપ ૨૫૦ ૩.૮૮ ટકા ઘટીને બંધ થયો.

# વસંત પંચમી અને વેલેન્ટાઈન્સ ડેની ૫૭ વર્ષ બાદ એક સાથે ઉજવણી થશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૨

**વર્ષ ૨૦૨૪માં લગ્નના આગામી શુભ મુહૂર્ત**

ફેબ્રુઆરી: ૧૨,૧૪,૧૮,૧૯,૨૪થી ૨૯
માર્ચ: ૨,૩,૫,૬,૭,૧૧,૧૨
એપ્રિલ: ૧૮,૧૯,૨૦,૨૧
જુલાઈ: ૯,૧૧,૧૨,૧૩,૧૪,૧૫
નવેમ્બર: ૧૩,૧૭,૧૮,૨૨,૨૩,૨૪, ૨૫, ૨૬
ડિસેમ્બર: ૨,૩,૪,૫,૧૦,૧૧,૧૩,૧૪

આગામી બુધવારે અનોખો સંયોગ સર્જાવા જઈ રહ્યો છે. વાત એમ છે કે, આગામી બુધવારે મહા સુદ પાંચમ એટલે કે વસંત પંચમી અને ૧૪ ફેબ્રુઆરી હોવાથી વેલેન્ટાઈન્સ ડેની પણ ઉજવણી થશે. વસંત પંચમી અને વેલેન્ટાઈન્સ ડે એક સાથે હોય તેવું છેલ્લે ૫૭ વર્ષ અગાઉ એટલે કે ૧૯૬૭માં બન્યુ હતું. વણજોયા મુહૂર્ત વસંત પંચમી અને પ્રેમીઓના પર્વ વેલેન્ટાઈન્સ ડે નિમિતે ગુજરાતમાંથી જ હજારો યુગલો લગ્નના તાંતણે બંધાશે. ૧૪ ફેબ્રુઆરીના વેલેન્ટાઈન્સ ડે હોય તેવું છેલ્લે ૧૯૬૭માં બન્યુ ત્યારે ભારતમાં વેલેન્ટાઈન્સ ડે પ્રચલિત પણ નહોતું. હિન્દુ પંચાગ પ્રમાણે મહા સુદ પાંચમના દિવસે વસંત પંચમી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે વિદ્યાદેવી શારદા માતાની પૂજા થાય છે. વસંત પંચમી એ પ્રકૃતિનો ઉત્સવ છે. આ દિવસે કોઈ પણ કાર્યનો શુભઆરંભ મુહૂર્ત જોયા વિના કરી શકાય છે. આ પર્વ અજ્ઞાનનો નાશ કરી પ્રકાશ તરફ લઈ જાય છે. સૂર્યના ઉતરાયણ થયા બાદ વસંત પંચમી પહેલો ઉત્સવ આવે છે.

# જૂનિયર એનટીઆર બાદ વધુ એક એક્ટર સાથે જહાનવી કપૂર સાઉથ ફિલ્મ કરશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૨



જહાનવી કપૂરે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં માત્ર ૬ વર્ષમાં ખૂબ જ લોકપ્રિયતા મેળવી લીધી છે. જહાનવી કપૂરની ફિલ્મ બોક્સઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી, પરંતુ તે હંમેશા લાઈમલાઈટમાં રહે છે. જહાનવી કપૂર જૂનિયર **NTR** સાથે આગામી સાઉથ ફિલ્મ 'દેવરા'નું શુટીંગ કરી રહી છે. જહાનવી કપૂર ફિલ્મ 'દેવરા'થી સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કરી રહી છે. કહેવામાં આવી રહ્યું હતું કે, ૫ એપ્રિલના રોજ આ ફિલ્મ રિલીઝ થશે, પરંતુ આ ફિલ્મની રિલીઝ ડેટ આગળ વધારવામાં આવી છે. જહાનવી કપૂર બુચ્ચી બાબૂ સના સાથે રામ ચરણના આગામી પ્રોજેક્ટમાં કામ કરશે, જેથી જહાનવી કપૂરની ફી વધી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર જહાનવી કપૂર રામચરણની આગામી અનટાઈટલ્ડ ફિલ્મમમાં લીડ ફિ-મેઈલ રોલ ભજવશે. જહાનવી કપૂરે ફી વધારી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

# ફાઈનલ મેચમાં ભારતીય ટીમે ઘણી ભૂલો કરી જે ટીમને ભારે પડી

(એ,આર,એલ),મુંબઈ,તા.૧૨




ભારતીય ટીમના કેપ્ટન ઉદય સહારન અંડર-૧૯ વર્લ્ડ કપમાં અત્યાર સુધી શાનદાર ફોર્મમાં હતો. તેણે આખી ટુર્નામેન્ટમાં હંમેશા પોતાના બેટથી ભારતીય ટીમને સંભાળી હતી. જો કે ફાઈનલ મેચમાં તે આવું કરી શક્યો નહોતો અને માત્ર ૮ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.

ભારતીય ટીમની બોલિંગ ફાઈનલ મેચમાં જે લયમાં હતી તેટલી ટૂર્નામેન્ટમાં જોવા મળી ન હતી. જોકે ભારતીય ટીમના ફાસ્ટ બોલર રાજ લિંબાણીએ ઓસ્ટ્રેલિયાને ૧૬ રનના સ્કોર પર પહેલો ઝટકો આપ્યો હતો. પરંતુ આ પછી ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોએ ભાગીદારી જાળવી રાખી અને ટીમને ૨૫૦થી આગળ લઈ ગયા. ટાઈટલ મેચમાં ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન મુશીર ખાનને બે મોટા જીવનદાન મળ્યા. જો કે, જીવનના આ દાન પછી પણ, મુશીર ગભરાઈને બેટિંગ કરતો જોવા મળ્યો હતો અને ૨૨ રનના સ્કોર પર બોલ્ડ થયો હતો. ભારતની હારનું મુખ્ય કારણ મુશીરની વિકેટ હતી. ભારતીય ટીમના ઓપનિંગ બેટ્સમેન આદર્શ સિંહે ૭૭ બોલમાં ૪૭ રનની ઈનિંગ રમી હતી. તેણે શરૂઆતમાં ખૂબ જ ધીમી બેટિંગ કરી જેની અસર ટીમ પર પડી. ભારત પર દબાણ વધ્યું અને આ દબાણ સામે ભારતીય ટીમ વિખેરાઈ ગઈ હતી.

# સુરતથી અયોધ્યા જતી આસ્થા ટ્રેન પર અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો

(એ,આર.એલ),સુરત,તા.૧૨




સુરતથી અયોધ્યા જવા માટે આસ્થા ટ્રેન શરૂ કરવામાં આવી છે. જે ટ્રેન ગતરોજ સાંજે ૮ વાગ્યે સુરત રેલવે સ્ટેશનથી નીકળી હતી. જેના થોડા સમય બાદ તે નંદુરબાર નજીકથી રાત્રે ૧૦.૪૫ કલાકે પસાર થઈ હતી. તે દરમ્યાન કેટલાક અસામાજિક તત્વોએ ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. ત્યારે ટ્રેન પર સતત પથ્થરમારો થતા મુસાફરોમાં ભય વ્યાપી જવા પામ્યો હતો. કેટલાક યાત્રીઓએ પથ્થરોથી બચવા માટે બારીના કાચ પણ બંધ કરી દીધા હતા. તો કેટલાક પથ્થરો બારીના કાચ તોડી ટ્રેનની અંદર આવી ગયા હતા. સદનસીબે કોઈ મુસાફરને ઈજા થવા પામી ન હતી.

આ સમગ્ર ઘટના બાબતે રેલવે પોલીસના એપીઆઈ રમેશ વાવરેએ જણાવ્યું હતું કે, ટ્રેનમાં બેઠલ એક મુસાફરે ફોન પર જણાવ્યું હતું કે, અમે ટ્રેનમાં બેઠા હતા ત્યારે અચાનક જ ટ્રેન પર પથ્થરો અથડાવાનો જોર જોરથી અવાજ આવવા લાગ્યો હતો. ત્યારે અંધારૂ હોઈ પથ્થર કોણ મારી રહ્યું હતું તે કંઈ દેખાયું ન હતું. અને સિગ્નલ ન હોવાના કારણે ટ્રેન ધીમી પડી હતી. આ બાબતે મુસાફરોએ ફરિયાદ કરતા નંદુરબાર રેલવે સ્ટેશન પર ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી આવ્યા હતા અને ઘટનાની ગંભીરતા જોતા તપાસ શરૂ કરી દીધી હતી.

# સુરેન્દ્રનગરમાં વીજ વાયર ટ્રેક્ટરની ટ્રોલીને અડી જતા બે મહિલા સહિત ત્રણના મોત

(એ.આર.એલ), સુરેન્દ્રનગર,તા.૧૨



મધ્યપ્રદેશથી દસાડા તાલુકામાં ખેતમજૂરી કરવા આવેલ શ્રમિકો બુબવાણા સીમ વિસ્તારમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં બેસી જઈ રહ્યા હતા તે દરમિયાન નમી ગયેલ વીજ વાયર ટ્રેક્ટરની ટ્રોલીને અડી જતા દુર્ઘટના સર્જાઈ હતી જેમાં બે મહિલા સહિત ત્રણના મોત નિપજ્યા હતા અને અન્ય છ શ્રમિક ઈજાગ્રસ્ત થતા વિરમગામ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવમાં ટ્રેક્ટરના ટાયર પણ સળગી ઊઠ્યા હતા. બનાવ બાદ પાટડી નાયબ કલેકટર તથા પોલિસ કાફલો બનાવ સ્થળે પહોચ્યો હતો અને રાજકોટથી પીજીવીસીએલની ટીમ ઘટનાસ્થળે પહોંચવા રવાના થઈ હોવાની વિગતો સામે આવી છે બેદરકારીને કારણે દુર્ઘટના સર્જાઈ હોવાનો સ્થાનિકોમાં ગણગણાટ છે તેથી પીજીવીસીએલ સામે રોષની લાગણી પ્રસરી હતી.

આ પ્રકારની ઘટના બનવાનું એક મહત્વનું કારણ ઉભરી આવ્યું છે. ટ્રેક્ટરમાં લોખંડના પતરા લગાવેલા હતા. આ પતરા પાછા દસથી બાર ફૂટ ઊંચા લગાવેલા હતા. તેના લીધે ટ્રેક્ટર ખેતમજૂરોને લઈને પસાર થઈ રહ્યુ હતું ત્યારે આ પતરાને વીજ વાયર અડી ગયો હતો અને ટ્રેક્ટરમાં બેઠેલાઓને વીજકરંટ લાગ્યો હતો. વીજકરંટના લીધે બે મહિલા સહિત ત્રણ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. ચારથી પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં ગરમીમાં વધારો થશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૨

રાજ્યમાં વાતાવરણને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. તેમજ આગામી ૨૪ કલાક બાદ તાપમાનમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં લોકો સવારે ઠંડી તેમજ બપોરે ગરમીનો અનુભવ કરી રહ્યા છે. આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. તેમજ ૫ દિવસ વરસાદની કોઈ શક્યતા નહી હોવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે. આગામી ૨૪ કલાક રાજ્યમાં તાપમાનનો પારો યથાવત રહેશે. તેમજ ૨૪ કલાક બાદ તાપમાનમાં સામાન્ય વધારો થવાની સંભાવના છે. તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થતા ગરમીનો અહેસાસ થશે. આ બાબતે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી પાંચ દરમ્યાન વરસાદ નહી થાય.

# સૌરાષ્ટ્રના રામભક્તો માટે અયોધ્યા જવા ભાવનગરથી આસ્થા ટ્રેન શરૂ કરાઈ

(એ.આર.એલ),ભાવનગર,તા.૧૨



રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ દરેક ગુજરાતવાસીની પ્રથમ ઈચ્છા અયોધ્યા જવાની છે. જોકે આ વાતને ધ્યાને રાખીને સરકાર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ગુજરાતના વિવિધ જિલ્લામાંથી ટ્રેન દોડાવવામાં આવી રહી છે. આજે ભાવનગર ખાતેથી આસ્થા સ્પેશ્યલ ટ્રેન રવાના થઈ છે, આ દરમ્યાન ધારાસભ્ય જીતુ વાઘાણી ખાસ હાજર રહ્યા હતા. શ્રી રામના દર્શન માટે અયોધ્યાના દ્વાર તો લોકો માટે ખુલી જ ગયા છે અને દર્શનાર્થે જવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી છે. ત્યારે વડાપ્રધાન મોદીના આદેશ મુજબ ભાવનગરમાંથી પણ આસ્થા ટ્રેન શરૂ કરી દેવાઈ છે. ભાવનગરના નવાપરા રેલવે મથકથી ૧૩૦૦થી વધુ ભક્તો અયોધ્યા જવા માટે રવાના થયા. આ દરમિયાન જીતુ વાઘાણી પણ સ્થળ પર ઉપસ્થિત રહ્યા. ધારાસભ્યએ ભક્તોને શુભકામના પાઠવી. અયોધ્યા પ્રસ્થાન કરનાર ભક્તોમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો સહિતના ભક્તો પણ જોડાયા છે.

# અમદાવાદના એરપોર્ટ પર સર્વરમાં ખામી આવતા મુસાફરો ૧ કલાક રઝળ્યા

અમદાવાદ,તા.૧૨

આરટીઓની જેમ હવે અમદાવાદ એરપોર્ટ પર પણ સર્વરમાં ખામી સામે આવી હતી. સર્વરમાં ખામી સર્જાતા એક કલાક મુસાફરો અટવાયા હતા. એરપોર્ટ પર સર્વરમાં ખામી સર્જાવાની ભાગ્યે જ ઘટના જોવા મળતી હોય છે ત્યારે સર્વરમાં ખામી સર્જાતા ઈમિગ્રેશન કાઉન્ટર પર મુસાફરોની લાઈનો લાગી હતી. મુસાફરોએ ટ્વીટ કરી ધ્યાન દોરતા તંત્ર કામે લાગ્યું હતું. આ સમસ્યાને કારણે ફ્લાઈટના ટેકઓફમાં પણ મોડુ થતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ગુજરાતનાં સૌથી વ્યસ્ત રહેતા એરપોર્ટ એવા અમદાવાદનાં સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ એરપોર્ટને વધુને વધુ આધુનિક બનાવવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમજ મુસાફરોને તકલીફ ન પડે તે માટે અમદાવાદ એરપોર્ટ ખાતે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ટર્મિનલ પર ઈમિગ્રેશન કાઉન્ટરમાં વધારો કરવામાં આવ્યો છે.

# જૂનાગઢ ખાતે ભવનાથના મેળામાં વિધર્મીઓની બગીમાં રવેડી નહી નીકળે

(એ,આર,એલ), જૂનાગઢ,તા.૧૨



૮ માર્ચના રોજ મહાશિવરાત્રીનો પર્વ છે. આ પર્વ શિવભક્તો માટે ખાસ ગણાય છે. ત્યારે જૂનાગઢનો ભવનાથનો મેળો ભક્તો માટે અનેરું મહત્વ ધરાવે છે. અહીં મહાશિવરાત્રીએ દૂરદૂરથી ભક્તો આવે છે. ત્યારે સાધુ સંતો દ્વારા શિવરાત્રીના મેળાને લઇ ખાસ બેઠકનું આયોજન કરાયુ હતું. જેમાં મહાશિવરાત્રી મેળામાં સાધુ સંતોને થતી મુશ્કેલી, અન્નક્ષેત્રો ચલાવવામાં પડતી મુશ્કેલી, લોકોને થતી અગવડ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. સમસ્યાઓનો ઉકેલ કરવા નિર્ણય લેવાયો હતો. સાધુ સંતોના સૂચનોને જૂનાગઢના ધારાસભ્ય, મેયર, શહેર પ્રમુખ તેમજ અગ્રણીઓએ માન્ય રાખ્યા હતા. તેમજ કેટલાક મહત્વના નિર્ણયો પણ આ વર્ષના ભવનાથના મેળા માટે લેવામાં આવ્યા છે. અન્નક્ષેત્રોમાં સામાન માટે મેળામાં વાહનોની અવરજવર વધુ હોય છે, તેથી એ માટે નિર્ણય લેવાયો કે, સરકાર દ્વારા ટેમ્પરરી ગોડાઉન ઉભુ કરાશે અને રવેડીમાં વિધર્મીઓના વાહનો ઉપયોગમાં નહિ લેવાય.

# ભાજપે પાંચ લાખની લીડથી જીતવાનો લક્ષ્યાંક મુકતા નેતાઓ મૂંઝાઈ ગયા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં કોંગ્રેસને સિંગલ ડિજિટ પર મોકલી દઈ લોકસભામાં જીતની હેટ્રિક ફટકારવાના સપનાં જોતી ભાજપે ૫ લાખની લીડથી જીતવાનો લક્ષ્યાંક મૂક્યો છે. હવે સી.આર. પાટીલ, મેં કરી દેખાડ્યું હવે તમે કરી બતાવોની જીદ લઈને બેસતાં ભાજપના નેતાઓ પણ મૂંઝાઈ ગયા છે. ભાજપે ઓપરેશન લોટસ શરૂ કરીને આ ટાર્ગેટની આડે આવતા નેતાઓને ભાજપનો કેસરિયો પહેરાવી લક્ષ્યાંકને પૂરો કરવા માટે કમર કસી છે.

હાલમાં ભાજપના નેતાઓ અને સીએમ સહિત ગામડાઓના પ્રવાસે છે. ભાજપ સારી રીતે જાણે છે કે મેટ્રો અને મેગા શહેરો એ ભાજપનો ગઢ છે. ૫ લાખની લીડથી જીતવું હશે તો ગામડાઓને લક્ષ્યાંક બનાવવા પડશે.

# ૧૬૦૬ શાળાઓમાં માત્ર એક જ શિક્ષક દ્વારા અભ્યાસ કરાવાતો હોવાનું સરકારે સ્વીકાર્યું

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૨

વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યમાં શિક્ષકો મુદ્દે ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. શિક્ષકોની ઘટ મુદ્દે વિધાનસભામાં સરકારે જવાબ આપ્યો છે. શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરે વિધાનસભામાં માહિતી આપી કે રાજ્યની ૭૧ શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. વિધાનસભા ગૃહમાં ગુજરાતમાં શિક્ષકોની ઘટને લઈને પણ સવાલ પુછવામાં આવ્યો હતો. કેટલા શિક્ષકોની ઘટ છે તેવો સવાલ પુછવામાં આવ્યો હતો. જેના જવાબમાં રાજ્ય સરકારે ૧૬૦૬ શાળાઓમાં માત્ર એક જ શિક્ષક દ્વારા અભ્યાસ આપતો હોવાનું સ્વીકાર્યુ હતું. વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યમાં શિક્ષકો મુદ્દે ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. શિક્ષકોની ઘટ મુદ્દે વિધાનસભામાં સરકારે જવાબ આપ્યો છે. શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોરે વિધાનસભામાં માહિતી આપી કે રાજ્યની ૭૧ શાળાઓમાં શિક્ષકોની ઘટ છે.

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી
■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

# પોતાની માંગ પૂરી કરાવવા સરકાર સામે લડાઈમાં ગુજરાતના ખેડૂતો પણ જોડાશે

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૨

ખેડૂતો હવે પોતાની માંગ પૂરી કરાવવા માટે સરકાર સામે આર-પારની લડાઈના મૂડમાં છે. સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મજદૂર મોરચા સહિત ૨૬ ખેડૂત સંગઠનોએ ૧૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હી કૂચ કરવાના એલાન બાદ હવે ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે. બીજી તરફ હરિયાણા સરકારે ખેડૂતોને રોકવા માટે પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. પંજાબ અને હરિયાણા બોર્ડર સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. આ સાથે જ મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે ગુજરાતમાં પણ ખેડૂતોનો વિરોધ જોવા મળશે. ગુજરાતના ખેડૂતો દિલ્હી નહિ જાય, પરંતુ અહીં જ દેખાવો કરીને વિરોધ દર્શાવશે. આવતીકાલે ૧૩ ફેબ્રુઆરીએ દેશભરના ખેડૂતોએ ૨૦ હજાર ટ્રેક્ટર સાથે સંસદ ઘેરવાનું આયોજન કર્યું છે. ત્યારે ગુજરાતમાં પણ આ આંદોલનનો સળવળાટ જોવા મળ્યો છે. સંયુક્ત કિસાન મોરચાના આદેશને પગલે ગુજરાતના ખેડૂતો દિલ્હી નહિ જાય, પરંતુ ગુજરાતમાં જ વિવિધ સ્થળોએ રસ્તા રોકો આંદોલન કરીને વિરોધ પ્રદર્શન કરશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતો દિલ્હી નહિ જાય, પરંતુ વિવિધ પડતર માંગણીઓને લઈને રસ્તા પર નીકળશે.

# લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૩૭૦ બેઠકને પાર કરશે : અમિત શાહ

અમદાવાદ,તા.૧૨

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ગુજરાતીઓને કરોડો રુપિયાના વિકાસ કામોની ભેટ આપી છે. તેમણે પોતાના મત વિસ્તારમાં વિવિધ વિકાસના કાર્યોનું ઉદઘાટન અને લોકાર્પણ કર્યુ. અમદાવાદમાં ઔડા અને એએમસીના વિવિધ ૭ પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યુ. આ સાથે જ કુલ ૩૯ જેટલા વિકાસ કામોના લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યા છે. અમિત શાહે ૮૯૯.૦૫ કરોડ રુપિયાના ૩૫ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને ૬૪૯.૩૭ કરોડ રુપિયાના વધારાના ૨૩ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યુ છે. આ તકે અમિત શાહે જણાવ્યું હતું કે ભાજપ લોકસભા ચૂંટણીમાં ૩૭૦ બેઠકો પાર કરશે.

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
70 9696 0000
મીસડકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.

એજન્સી આપવાની છે
અમરેલી જિલ્લાના તમામ ગામોમાં એજન્સી આપવાની છે
રસ ધરાવતા લોકોએ સંપર્ક કરવો
મો.૯૮૭૯૩ ૭૪૬૦૧
કાગળ તો થયા મોંઘા પણ અખબાર થયું સસ્તું
માત્ર રૂપિયા ૬૯૯/- માં મેળવો આખું વર્ષ અખબાર
સંજોગ ન્યૂઝની ધમાકેદાર વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૩ થી ૩૧/૧૦/૨૦૨૪
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે સંજોગ ન્યૂઝ
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ
સંજોગ ન્યૂઝ આપણી વાત, આપણું અખબાર...
સંજોગ ન્યુઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો